

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 303
Dt.: 08-09-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### શેરબજાર ફરી ચમકશે

## આખી ગેમ સેટ, ભારત અને ચીન સાથે મળીને કરશે કામ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની તાજેતરની મુલાકાત અને સરકાર દ્વારા કરવેરા ઘટાડાથી ભારતીય શેરબજારમાં નવો પ્રાણ ફૂંકાયો છે. નિષ્ણાતો માને છે કે આ ઘટનાઓ ભારતીય શેરબજારની નબળી સ્થિતિને સુધારી શકે છે, જે છેલ્લા કેટલાક મહિનાઓમાં અન્ય ઉભરતા બજારો કરતા પાછળ રહી ગઈ હતી.

મોદી અને જિનપિંગ વચ્ચેની આ મુલાકાત ૩૧ ઓગસ્ટના રોજ ચીનના તિયાનજિન શહેરમાં થઈ હતી. આ દરમિયાન, બંને નેતાઓએ પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા કરી. સરહદ વિવાદ, સીધી ફ્લાઈટ્સ પુનઃસ્થાપિત કરવા અને વેપાર વધારવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ વાટાઘાટોમાં આવ્યા. ભલે આ વાટાઘાટો મોટે ભાગે પ્રતીકાત્મક હતી, પરંતુ તેની અસર રોકાણકારોના મનોબળ પર સ્પષ્ટપણે જોવા મળી, જેનાથી બજારમાં સકારાત્મક વાતાવરણ બન્યું.

ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી તણાવપૂર્ણ સંબંધો રહ્યા છે, ખાસ કરીને ૨૦૨૦ માં સરહદી અથડામણ પછી, જેમાં બંને પક્ષના સૈનિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ પછી, ભારતમાં ચીની માલ અને કંપનીઓ સામે વિરોધ પણ જોવા મળ્યો હતો.

પરંતુ હવે જ્યારે બંને દેશો પરસ્પર સહયોગ વિશે વાત કરી રહ્યા છે, ત્યારે રોકાણકારોને આશા છે કે આનાથી ભારતને ત્રણ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ફાયદો થઈ શકે છે, વિદેશી રોકાણમાં વધારો, આધુનિક ઉત્પાદન ટેકનોલોજીની પહોંચ અને સ્વચ્છ (લીલી) ઊર્જાની સપ્લાય ચેઈનમાં ભાગીદારી.



RBC વેલ્થ મેનેજમેન્ટ એશિયાના સિનિયર ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ જાસ્મિન ડુઆન કહે છે કે, ભારત આ સંબંધથી વધુ ફાયદો મેળવી શકે છે, કારણ કે તે હાલમાં યુએસ ટેરિફ વધારાથી સૌથી વધુ પ્રભાવિત થઈ રહ્યું છે. રોકાણકારો આ બદલાયેલા વાતાવરણને સકારાત્મક સંકેત તરીકે જોઈ રહ્યા છે. ૨૦૨૫ માં અત્યાર સુધી, નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં માત્ર ૪.૬% નો વધારો થયો છે, જ્યારે બીજી તરફ MSCI ઈમર્જિંગ માર્કેટ્સ ઈન્ડેક્સમાં લગભગ ૧૯% નો વધારો જોવા મળ્યો છે.

આ વર્ષે, વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી લગભગ ઈ૧૬ બિલિયન પાછા ખેંચી લીધા હતા, જેના કારણે બજારમાં મંદી અને અનિશ્ચિતતા હતી.

જોકે, હવે નિષ્ણાતોને લાગવા માંડ્યું છે કે પરિસ્થિતિ બદલાઈ શકે છે. માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સના સહ-સ્થાપક પ્રમોદ ગુબ્બી કહે છે કે ઉભરતા બજારોમાં ભારતનો હિસ્સો, જે ઘટી રહ્યો હતો, તે હવે બંધ થઈ શકે છે. જો ભારતનો આર્થિક વિકાસ અને કંપનીઓના નફામાં સુધારો થાય છે, તો અમેરિકાની ટેરિફ નીતિની અસરને ઘણી હદ સુધી નિયંત્રિત કરી શકાય છે.

એટલે કે, આગામી સમયમાં, રોકાણકારો ભારતીય બજારમાંથી ફરીથી સારા વળતરની અપેક્ષા રાખી શકે છે. ભારત સરકાર અને રિઝર્વ બેંક બંને આર્થિક વિકાસને ઝડપી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તાજેતરમાં, RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ સંકેત આપ્યો હતો કે નાણાકીય નીતિ હજુ પણ નરમ રહેશે.

ફેબ્રુઆરીથી, વ્યાજ દરોમાં ૧૦૦ બેસિસ પોઈન્ટ (એટલે કે ૧%) ઘટાડો કરવામાં આવ્યો છે.

ઉપરાંત, કેન્દ્ર અને રાજ્ય સરકારોના નાણામંત્રીઓની સમિતિએ ૪૦૦ થી વધુ ઉત્પાદનો પર ખ્જી ઘટાડવાનો નિર્ણય લીધો છે. આ એ જ માલ છે જે ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) બાસ્કેટમાં લગભગ ૧૬% ફાળો આપે છે. આ નિર્ણય પછી, ગ્રાહક માલ કંપનીઓ અને ઓટો ક્ષેત્રના શેરમાં સારો વધારો જોવા મળ્યો. વેનેક એસોસિએટ્સ કોર્પના વ્યૂહરચનાકાર અન્ના વુ કહે છે કે "ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં નરમાઈ અને કર ઘટાડા, આ બંને બાબતો લાંબા ગાળે ભારતીય શેરબજાર માટે ફાયદાકારક સંકેતો છે.

આ ઉપરાંત, જો ચીન-રશિયા-ભારત બ્લોક મજબૂત બને છે, તો ભારતની વૈશ્વિક સ્થિતિ વધુ મજબૂત બની શકે છે." એકંદરે, સ્થાનિક નીતિઓ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સુધારાને કારણે ભારતીય બજાર ફરી એકવાર જીવંત થવાની અપેક્ષા છે.

### હૂતીઓ પર આરોપ

## સમુદ્રમાં કેબલ કાપી નાંખવામાં આવતા એશિયામાં અનેક જગ્યાએ ઈન્ટરનેટ ઠપ

### રાતા સમુદ્રની નીચે કેબલ કપાઈ જતાં ઈન્ટરનેટ સેવાઓ ખોરવાઈ હોવાનું પ્રારંભિક ધોરણે જાણવા મળ્યુ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારત સહિત એશિયાના અમુક હિસ્સામાં આજે ૭ સપ્ટેમ્બરે રવિવારે ઈન્ટરનેટ સેવાઓ ખોરવાઈ હતી. રાતા સમુદ્રની નીચે કેબલ કપાઈ જતાં ઈન્ટરનેટ સેવાઓ ખોરવાઈ હોવાનું પ્રારંભિક ધોરણે જાણવા મળ્યુ છે. આશંકા છે કે, આ કામ હૂતી વિદ્રોહીઓએ કર્યુ હશએ. પરંતુ તેમણે આ મામલે કોઈ હુમલો કર્યો હોવાનો ઈનકાર કર્યો છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, ઈન્ટરનેટ એક્સેસ પર નજર રાખતી કંપની નેટબ્લોક્સે જણાવ્યું હતું કે રાતા સમુદ્રમાં પાણીની અંદર કેબલના અનેક વિક્ષેપોને કારણે ઘણા દેશોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી પ્રભાવિત થઈ છે.

જેમાં ભારત અને પાકિસ્તાન પણ સામેલ છે. કંપનીએ સાઉદી અરેબિયાના જેદ્દાહ નજીક SMW4 અને IMEWE કેબલ સિસ્ટમ્સ સંબંધિત ખામીની જાણ કરી છે.

અહેવાલ મુજબ, યમનના હૂતી બળવાખોરો રાતા સમુદ્રમાં આ કેબલ્સને નિશાન બનાવી રહ્યા છે, જેના કારણે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બળવાખોરોએ આ હુમલાની જવાબદારી લીધી નથી. તેણે આ હુમલો કર્યો હોવાનો ઈનકાર કર્યો છે. તેમજ આ કૃત્ય ઈઝરાયલ દ્વારા હાથ ધરાયુ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હમાસ પર દબાણ લાવવા ઈઝરાયલે ષડયંત્ર રચ્યું છે. હૂતીઓએ આ અંગે સ્પષ્ટતા પોતાની સ્થાનિક મીડિયા ચેનલમાં આપી હતી. સાઉદી અરેબિયા (UAE)માં ઈન્ટરનેટ યુઝર્સે ઈન્ટરનેટ ધીમુ પડ્યું હોવાની ફરિયાદ કરી હતી. પરંતુ સરકારે તાત્કાલિક ધોરણે આ વિક્ષેપને સ્વીકાર્યો ન હતો. માઈક્રોસોફ્ટે અહેવાલ આપ્યો હતો કે રાતા સમુદ્રમાં સબમરીન ફાઈબર કપાઈ જતાં પશ્ચિમ એશિયામાં ઈન્ટરનેટ ધીમું પડ્યું છે.

## ભારતના અર્થતંત્રને થશે રૂ.૨૦ લાખ કરોડનો ફાયદો: સરકારનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

GSTમાં જાહેર કરાયેલા સુધારા ૨૨ સપ્ટેમ્બરથી અમલી બનશે. સામાન્ય પ્રજાએ હવે માત્ર ૫ ટકા અને ૧૮ ટકા જ સ્લેબ ચૂકવવો પડશે. જેમાં લકઝરી પ્રોડક્ટ્સ માટે વધારાનો ૪૦ ટકાનો સ્લેબ પણ ઉમેરવામાં આવ્યો છે. જીએસટીમાં આ ઐતિહાસિક સુધારાથી કેન્દ્ર સરકારને રૂ. ૪૮ હજાર કરોડની ખોટ થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. પરંતુ અત્યારસુધી કોઈએ આ અંગે સંપૂર્ણ માહિતી જાહેર કરી નથી કે, દેશના અર્થતંત્રને કેટલું નુકસાન થશે અને કેટલો લાભ. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે માહિતી આપતાં કહ્યું હતું કે, જીએસટીમાં સુધારાથી દેશના અર્થતંત્રને મોટો લાભ થવા જઈ રહ્યો છે. જીએસટીમાં સુધારો લાગુ થતાં કેન્દ્ર સરકારની તિજોરીને રૂ. ૨૦ લાખ કરોડની કમાણી થશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ૨૦૨૫-૨૬ના બજેટમાં આવકવેરામાં રાહત આપવાની સાથે જીએસટીના દરોને સુસંગત બનાવવામાં આવ્યા છે. જીએસટીમાં સુધારાને અમેરિકાના ટેરિફ સાથે કોઈ સંબંધ નથી. જીએસટીમાં સુધારાની તૈયારી લગભગ દોઢ વર્ષ પહેલાં શરૂ થઈ ચૂકી હતી. જે વડાપ્રધાન મોદીના સુધારા, પ્રદર્શન અને પરિવર્તનના સ્પષ્ટ લક્ષ્યનો એક ભાગ હતો. નવી જીએસટી વ્યવસ્થા દેશની પરિવર્તન યાત્રાની શરૂઆતનું પ્રતીક બનશે. ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને આ સુધારા સાથે કોઈ લેવાદેવા નથી.

સૌથી મોટો સવાલ એ છે કે, અંતે આ નેક્સ્ટ જનરેશન જીએસટીથી દેશના અર્થતંત્રને કેટલો ફાયદો થશે. આ અંગે માહિતી આપતાં વૈષ્ણવે જણાવ્યું કે, દેશનું અર્થતંત્ર વપરાશ પર આધારિત છે. દેશના જીડીપીમાં વપરાશનો હિસ્સો ૬૧ ટકાથી વધુ છે.

## ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલી વધી, અમેરિકન્સ માર્ગો પર ઊતર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન,

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના આકરા નિર્ણયોના કારણે અમેરિકામાં જ વિવાદનું કારણ બન્યા છે. ટેરિફ વિવાદ, ભારત સાથે વણસી રહેલા સંબંધો, અને વોશિંગ્ટન ડીસીમાં નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવાના નિર્ણયોથી ભારે વિરોધનો સામનો કરી રહ્યા છે. રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવાના પ્રયાસો વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારે વિરોધનો સામનો કરી રહ્યા છે.

વોશિંગ્ટન ડીસીમાં ટ્રમ્પની વિરૂદ્ધ મોટી સંખ્યામાં લોકોએ દેખાવો કર્યા છે. 'ફ્રી ડીસી', 'અત્યાચારોનો વિરોધ કરીશું', 'ટ્રમ્પ હવે તમારે આવવુ પડશે' જેવા સુત્રોચ્ચાર સાથે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતર્યા છે. તેઓ વોશિંગ્ટન ડીસીમાં નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવાના ટ્રમ્પના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે.

વિરોધ પ્રદર્શનકારીઓએ જણાવ્યું છે કે, પ્રમુખ ટ્રમ્પ નેશનલ ગાર્ડ્સ તૈનાત કરી સ્થાનિક વહીવટીતંત્રને પોતાના અંકુશમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેનાથી શહેરવાસીઓમાં અસંતોષ ફેલાયો છે. પરંતુ ટ્રમ્પે દાવો કર્યો છે કે, તેમના આ પગલાંથી સામાન્ય લોકોને ફાયદો થશે, અને ગુનાનો દર ઘટશે.

બીજી તરફ દેખાવકારોએ તેમના આ આદેશને ક્રાઈમ ઈમરજન્સી જાહેર કર્યો છે. આ નિર્ણયને પાછો ખેંચવાની માગ સાથે રસ્તા પર ઉતર્યા છે. ટ્રમ્પ વિરોધી સુત્રોચ્ચાર સાથે વ્હાઈટ હાઉસ સુધી વિરોધ રેલી યોજી હતી. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે છેલ્લા ત્રણ મહિનામાં વોશિંગ્ટન ડીસી, લોસ એન્જલ્સ, અને શિકાગોમાં નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવામાં આવ્યા છે. ૧૯ જિલ્લામાં આશરે ૧૭૦૦ નેશનલ ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. પ્રમુખ ટ્રમ્પે આ નિર્ણય પાછળનું કારણ ગુનાખોરી, ગેરકાયદે પ્રવાસીઓ અને દેખાવોમાં ઘટાડો કરવાનું કહ્યું છે. પરંતુ લોકોએ આ પગલાંને ટ્રમ્પની અંકુશ વધારવાની નીતિ ઠેરવી છે. ડેમોક્રેટિક શહેરોમાં વહીવટી તંત્રોની સહમતિ વિના ગાર્ડ તૈનાત કરવામાં આવતાં આ નિર્ણયને બંધારણની વિરૂદ્ધ ગણાવ્યો છે. ટ્રમ્પે ઓગસ્ટ, ૨૦૨૫માં વોશિંગ્ટન ડીસીમાં આશરે ૨૦૦૦ ગાર્ડ તૈનાત કર્યા હતા. ગુનાખોરીનું પ્રમાણ ઘટાડવાના ઉદ્દેશ સાથે આ પગલું લેવામાં આવ્યું હતું. કારણકે, શહેરમાં હિંસક જૂથો, ગુનાખોરોના કારણે લૂંટફાટ સહિતના ગુનાનો આતંક વધ્યો છે. ટ્રમ્પે શહેરમાં કાયદો અને વ્યવસ્થા લાગુ કરવા તેમજ જાહેર સુરક્ષા સુનિશ્ચિત કરવા નેશનલ ગાર્ડ્સ તૈનાત કર્યા છે.

### ડૂબતા પંજાબમાં ૨,૦૦૦ ગામ જળબંબાકાર

## હિમાચલ પ્રદેશમાં વરસાદ-ભૂસ્ખલનથી ભારે તારાજી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

પંજાબ અને હરિયાણા સહિત ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં શનિવારે પણ ભારે પૂર આવ્યું હતું. સતલજ અને બિયાસ નદીમાં પૂરના કારણે સૌથી વધુ નુકસાન પંજાબમાં થયું છે. પંજાબમાં ૪૦ વર્ષમાં સૌથી ભયાવહ પૂરથી ૨૦૦૦થી વધુ ગામ જળબંબાકાર થઈ ગયા છે અને ૩.૮૭ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. બીજીબાજુ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં સતત આભ ફાટવાના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હતી. હિમાચલમાં ચોમાસાની આ સિઝનમાં કુલ ૩૬૦થી વધુનાં મોત થયા છે જ્યારે ૨૪૬ લોકોને ઈજા પહોંચી છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં શનિવારે ફરી આભ ફાટયું હતું.



પંજાબમાં શનિવારે વરસાદનું પ્રમાણ ઘટયું હતું, પરંતુ તેનો પ્રકોપ યથાવત રહ્યો હતો. પંજાબમાં વરસાદના કારણે ૧૪ જિલ્લામાં ૪૬થી વધુ લોકોનાં મોત થયા છે. અત્યાર સુધીમાં ૨૧૯૨૯ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે અને ૧૯૬ રાહત કેમ્પ બનાવાયા છે, જેમાં ૭૧૦૮ લોકોએ આશરો લીધો છે. સતલજ, બિયાસ નદીમાં આવેલા પૂરના કારણે ૨૦૦૦થી વધુ ગામ ડૂબી ગયા છે અને હજારો એકરમાં ઊભો પાક બરબાદ થઈ ગયો છે અને ૧.૭૫ લાખ હેક્ટર જમીનને નુકસાન થયું છે. રસ્તા, પુલ અને ઘરોને પણ ભારે નુકસાન થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં જ પૂરગ્રસ્ત રાજ્યોનો પ્રવાસ કરી સ્થિતિની સમીક્ષા કરશે તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, પંજાબમાં પોંગ ડેમમાં પાણીનું સ્તર આંશિક ઘટયું છે છતાં તે હજુ જોખમી સ્તરથી ચાર ફૂટ ઉપર છે. બીજીબાજુ સતલજ નદી પર બંધાયેલા ભાકરા ડેમમાં પણ પાણીનું સ્તર આંશિક ઘટયું હતું. ઉપરવાસમાં છેલ્લા કેટલાક દિવસોથી મૂશળધાર વરસાદના કારણે પોંગ ડેમમાંથી પાણી છોડાતા નીચાણવાળા વિસ્તાર જળબંબાકાર થઈ ગયા છે. હોશિયારપુર, દસુયા અને મુકેરિઅન સબડિવિઝન્સમાંથી તાજા અહેવાલો મુજબ પૂરગ્રસ્ત ગામોની સંખ્યામાં વધારો થયો છે.

બીજીબાજુ હરિયાણામાં સતત થઈ રહેલા વરસાદ અને નદીઓ અને નાળા ભરાઈ જતાં પૂરનું સંકટ વધ્યું છે. આ સંકટનો સામનો કરવા માટે સૈન્યની મદદ લેવાઈ છે. સૈન્યના ૮૦ જવાનોએ ઝઝ્ઝરના બહાદુરગઢમાં મોરચો સંભાળ્યો છે. ફરિદાબાદમાં યમુના, સિરસામાં ઘગ્ગર, કુરુક્ષેત્રમાં મારકંડા અને અંબાલામાં ટાંગરી નદીમાં પાણી જોખમી સ્તરથી ઉપર વહી રહ્યા છે.

હિમાચલ પ્રદેશાં વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનના કારણે લોકો ભારે મુશ્કેલીમાં મુકાયેલા છે. હિમાચલમાં ચોમાસાની આ સિઝનમાં કુલ ૩૬૦ લોકોના મોત થયા છે અને ૪૨૬ લોકો ઘાયલ થયા છે. રાજ્યમાં પાણી ભરાવાના કારણે ૧૦૮૭ રસ્તાઓ બંધ થઈ ગયા છે. રાજ્યમાં વરસાદના કારણે ૧૪૪૦ પશુઓનાં મોત થયા છે જ્યારે કુલ આર્થિક નુકસાન ૩૯૭૯.૫૨ કરોડથી વધુ થયાનો અંદાજ છે. હિમાચલ પ્રદેશમાં મણિમહેશ યાત્રા દરમિયાન ફસાયેલા શ્રદ્ધાળુઓને બચાવવા વિશેષ અભિયાન ચલાવાયું હતું. આ અભિયાનના અંતિમ દિવસે સૈન્યએ એમઆઈ-૧૭ હેલિકોપ્ટરની મદદથી ૬૪ શ્રદ્ધાળુઓને સલામત સ્થળે ખસેડયા હતા. આ અભિયાન હેઠળ બધા જ શ્રદ્ધાળુઓને સલામત સ્થળે ખસેડાયા છે.

યમુનાનગરમાં હથિનીકુંડ બેરેજ પર ૧૦૬ કલાક પછી જળસ્તર જોખમી સ્તરથી નીચે આવ્યું છે.



# તંત્રી લેખ......

## વિજ્ઞાનીઓએ તમામ ટ્રાયલમાં રસીની સફળતાનો કર્યો દાવો

રશિયાએ કેન્સર સામેની લડાઈમાં એક નવી સફળતા મેળવી છે. ત્યાની ફેડરલ મેડિકલ એન્ડ બાયોલોજિકલ એજન્સી (FMBA) FMBA એ કેન્સરની વેક્સિન તૈયાર કરી છે.

FMBD ના પ્રમુખ વેરોનિકા સ્કવોર્ટ્સોવાએ કહ્યું કે, રશિયન એન્ટરમિક્સ કેન્સર વેક્સિન હવે ઉપયોગ માટે તૈયાર થઈ ગઈ છે. આ mRNA-આધારિત વેક્સિને તેની સલામતી અને અસરકારકતા સાબિત કરીને તમામ પ્રીક્લિનિકલ પરીક્ષણો સફળતાપૂર્વક પાસ કર્યા છે. આ વેક્સિનનું પ્રાથમિક લક્ષ્ય કોલોરેક્ટલ કેન્સર (કોલોન કેન્સર) હશે. રશિયન સમાચાર એજન્સી TASS ના રિપોર્ટ પ્રમાણે રશિયાની કેન્સર વેક્સિને શાનદાર પ્રદર્શન કર્યું છે અને FMBA ના વડા વેરોનિકા સ્કવોર્ટ્સોવાએ ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ (EEF) ખાતે આની જાહેરાત કરી છે.

સ્કવોર્ટ્સોવાએ કહ્યું કે, આ સંશોધન ઘણા વર્ષો સુધી ચાલ્યું અને તેમાં છેલ્લા ત્રણ વર્ષ માત્ર ફરજિયાત પ્રીક્લિનિકલ અભ્યાસો જ કરવામાં આવ્યા હતા. જે બાદ હવે વેક્સિન સંપૂર્ણપણે ઉપયોગ કરવા તૈયાર છે. હવે અમે અધિકૃત મંજૂરીની રાહ જોઈ રહ્યા છીએ.

તેમણે કહ્યું કે, પ્રીક્લિનિકલ ટ્રાયલ્સ વેક્સિનની સલામતી, વારંવાર ઉપયોગ છતાં તેની અસરકારકતાની પુષ્ટિ કરે છે. આ સમયગાળા દરમિયાન સંશોધકોએ ટ્યૂમરના કદમાં ઘટાડો અને વિકાસમાં ઘટાડો જોયો. આ ઉપરાંત, અભ્યાસોમાં દર્શાવવામાં આવ્યું છે કે, વેક્સિનના કારણે દર્દીના જીવિત રહેવાના દરમાં વધારો કરે છે. આ વેક્સિનનો શરુઆતનું લક્ષ્ય કોલોરેક્ટલ કેન્સર હશે. આ ઉપરાંત, ગ્લિઓબ્લાસ્ટોમા (મગજનું કેન્સર) અને ઓક્યુલર મેલાનોમા (આંખના કેન્સરનો એક પ્રકાર) સહિત ચોક્કસ પ્રકારના મેલાનોમા માટે વેક્સિન વિકસાવવામાં આશાં બંધાઈ છે, જે હાલમાં તેમના અદ્યતન તબક્કામાં છે.

### આ ઘટનાએ વિશ્વ ક્રિકેટને સ્તબ્ધ કરી દીધું

# વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલર લૌરી વિલિયમ્સે રોડ અકસ્માતમાં મોત

## ૧૨ ડિસેમ્બર ૧૯૬૮ના રોજ જમૈકામાં જન્મેલા, લૌરી વિલિયમ્સે ૧૯૮૯-૯૦માં ફર્સ્ટ ક્લાસ ડેબ્યૂ કર્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)જમૈકા,

એક મહાન ક્રિકેટરની કાર બસ સાથે અથડાઈ અને આ અકસ્માતમાં તેનું નિધન થયું. આ ઘટનાએ વિશ્વ ક્રિકેટને સ્તબ્ધ કરી દીધું. ૮ સપ્ટેમ્બરનો એ દિવસ ક્રિકેટ જગત માટે કાળો દિવસ હતો. આ દિવસે વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલર લૌરી વિલિયમ્સે રોડ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો હતો. ૧૨ ડિસેમ્બર ૧૯૬૮ના રોજ જમૈકામાં જન્મેલા, લૌરીએ ૧૯૮૯-૯૦માં ફર્સ્ટ ક્લાસ ડેબ્યૂ કર્યું હતું. વેસ્ટ ઈન્ડિઝના મધ્યમ ગતિ બોલર લૌરી વિલિયમ્સ તેની સ્વિંગ અને સટિક લાઇન-લેન્થ માટે જાણીતો હતો.

લૌરી વિલિયમ્સ ઘરેલુ ક્રિકેટમાં ચમક્યો. શાનદાર પ્રદર્શન કરીને તેણે ટીમને ઘણી યાદગાર જીત અપાવી. ૩૦ માર્ચ ૧૯૯૬ના રોજ લૌરીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાનું ડેબ્યૂ કર્યું. ભલે તે મેચમાં બે ઓવર ફેંકનાર લૌરી કોઈ વિકેટ લઈ શક્યો નહોતો, પરંતુ તેણે આગલી મેચમાં પોતાને સાબિત કરી દીધો. લોરીએ ૩ એપ્રિલે જ્યોર્જટાઉનમાં ન્યુઝીલેન્ડ સામે ૪.૫ ઓવર ફેંકી હતી, જેમાં તેણે માત્ર ૧૬ રન આપીને ત્રણ વિકેટ લીધી હતી, પરંતુ તેની ટીમ ચાર રનના નજીકના માર્જિનથી મેચ હારી ગઈ હતી. લૌરી વિલિયમ્સનો મેદાન પરનો જુસ્સો અને સમર્પણ યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ હતો, પરંતુ કમનસીબે આ ખેલાડી લાંબા સમય સુધી પોતાની પ્રતિભા બતાવી શક્યો નહીં. ૮ સપ્ટેમ્બર ૨૦૦૨ના રોજ ૩૩ વર્ષીય લૌરી તેના ૨૩ વર્ષીય ભાઈ કેવિન જેનિસન સાથે કારમાં હતો. બંને પોતાના ઘરે જઈ રહ્યા હતા. લૌરી આ કાર ચલાવી રહ્યો હતો. કિંગ્સ્ટન નજીક પોર્ટમોર ઉપનગરમાં ખાડાથી બચવા માટે લૌરી વિલિયમ્સે પોતાની કાર ફેરવી અને કાર નિયંત્રણ બહાર થઈ ગઈ અને બસ સાથે અથડાઈ. આ અકસ્માતમાં લૌરી અને તેના ભાઈએ જીવ ગુમાવ્યા. ૧૯૯૬થી ૨૦૦૧ની વચ્ચે લૌરી વિલિયમ્સે વેસ્ટ ઈન્ડિઝ માટે ૧૫ ODI મેચ રમી, જેમાં તેણે ૩૦.૮૮ની સરેરાશથી ૧૮ વિકેટ લીધી. તેણે ટીમના ખાતામાં બેટથી ૧૨૪ રનનું યોગદાન આપ્યું. જો આપણે વિલિયમ્સની ફર્સ્ટ ક્લાસ કારકિર્દી પર નજર કરીએ તો, તેણે ૫૮ મેચોમાં ૨૩.૧૭ની સરેરાશથી ૧૭૦ વિકેટ લીધી હતી. બેટિંગમાં ત્રણ સદી અને સાત અડધી સદી ફટકારતા, વિલિયમ્સે ૨,૦૦૨ રન બનાવ્યા હતા. ૭૦ લિસ્ટ-એ મેચોમાં, વિલિયમ્સે ૨૭.૮૪ની સરેરાશથી ૭૯ વિકેટ લીધી હતી અને ૬૬૭ રન પણ બનાવ્યા હતા.

### ઈડીએ મોકલ્યું સમન્સ

# રાહુલ ગાંધી બ્રિટનના નાગરિક છે એવો દાવો કરનારા ભાજપ નેતા ફસાયા

## ઈડીએ અરજદાર વિગ્નેશ શિશિરને સમન્સ પાઠવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અલ્હાબાદ,

ભાજપના નેતા વિગ્નેશ શિશિરે અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે રાહુલ ગાંધી પાસે બ્રિટનની નાગરિકતા છે. આવી સ્થિતિમાં તેમની ભારતીય નાગરિકતા રદ કરવી જોઈએ.

ઈડીએ પણ આ મામલે માહિતી એકઠી કરવાનું શરૂ કરી દીધું છે. કેન્દ્રીય એજન્સીએ અરજદાર વિગ્નેશ શિશિરને સમન્સ પાઠવ્યા છે. તેણે દાવો કર્યો હતો કે રાહુલ ગાંધીએ પોતાનો વ્યવસાય ચલાવવા માટે યુકેની નાગરિકતા લીધી હતી.

અહેવાલ અનુસાર,, એજન્સીએ દાવા વિશે વિગતવાર માહિતી મેળવવા માટે વિગ્નેશ શિશિરને સમન્સ પાઠવ્યું છે. ઈડી જાણવા માંગે છે કે રાહુલ ગાંધીનું કઈ વિદેશી કંપની કે વિદેશી બેંક ખાતું છે. વિગ્નેશ શિશિરે દાવો કર્યો છે કે, મને ઈડીનું સમન્સ મળ્યું છે અને નવમી સપ્ટેમ્બરે હાજર થઈને દાવા સંબંધિત માહિતી પૂરી પાડવાની છે.

ઈડી જાણવા માંગે છે કે શું ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA)નું કોઈ ઉલ્લંઘન થયું છે. આ ઉપરાંત ઈડી વિદેશી બેંકોમાંથી થયેલા વ્યવહારો અથવા આવક વિશે પણ જાણવા માંગે છે. છેલ્લી સુનાવણી દરમિયાન વિગ્નેશે હાઈકોર્ટને જણાવ્યું હતું કે યુકે સરકારે રાહુલ ગાંધીની નાગરિકતા વિશેની માહિતી કેન્દ્ર સરકાર સાથે શેર કરી છે.'

વિગ્નેશ શિશિરે કહ્યું કે, 'જુલાઈમાં એક સમીક્ષા અરજીની સુનાવણી દરમિયાન મે રાહુલ ગાંધીને લંડન, વિયેતનામ અને ઉઝબેકિસ્તાનથી મળેલા દસ્તાવેજો વિશે માહિતી આપી હતી.' અગાઉ કોર્ટે કેન્દ્ર સરકારને રાહુલ ગાંધીની કથિત નાગરિકતા અંગે યુકે સરકાર પાસેથી માહિતી એકત્રિત કરવા અને અરજદારને સુરક્ષા પૂરી પાડવા જણાવ્યું હતું.

ભાજપના નેતા વિગ્નેશ શિશિરે પીઆઈએલમાં દાવો કર્યો હતો કે, બ્રિટિશ સરકારના ઈમેલ અને દસ્તાવેજો દર્શાવે છે કે તેમને ત્યાંની નાગરિકતા મળી છે. ભારતમાં બેવડી નાગરિકતાને મંજૂરી નથી, તેથી રાહુલ ગાંધીને ભારતમાં મતદાન કરવાનો અધિકાર ન હોવો જોઈએ. તેમને ચૂંટણી લડવાનો પણ અધિકાર ન મળવો જોઈએ.

# વીજતારના સંપર્કમાં આવતા એકનું મોત, પાંચ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

મુંબઈના સાકીનાકા વિસ્તારમાં ગણપતિ વિસર્જન દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ છે. ગણપતિ વિસર્જન દરમિયાન ઈલેક્ટ્રિક વાયરના સંપર્કમાં આવવાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું. જ્યારે ૫ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હાલ ઈજાગ્રસ્તોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અહેવાલો અનુસાર, સાકીનાકા ખૈરાણી રોડ પર સ્થિત એસજે સ્ટુડિયો નજીક ટાટા પાવરનો હાઈ-ટેન્શન વાયર છે. ગણપતિ વિસર્જન દરમિયાન જ્યારે ભક્તો નાચતા અને ગાતા હતા, ત્યારે તેઓ ઈલેક્ટ્રિક વાયરને અડી જતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં એકનું મોત નિપજ્યું. જ્યારે અન્ય ૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ અંગે પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી અને વધુ તપાસ હાથ ધરી છે. વીજળીના વાયરના સંપર્કમાં આવીને મૃત્યુ પામેલા ભક્તનું નામ વિનુ છે. જ્યારે ઈજાગ્રસ્તની ઓળખ ૧૮ વર્ષીય તુષાર ગુપ્તા, ૪૪ વર્ષીય ધર્મરાજ ગુપ્તા,૧૨ વર્ષીય આરુષ ગુપ્તા, ૧૦ વર્ષીય શંભુ કામી અને ૧૪ વર્ષીય કરણ કનોજિયા તરીકે થઈ છે. પૂણે જિલ્લાના ચાકણ વિસ્તારમાં વિસર્જન દરમિયાન ચાર લોકોના મોત થયા. વાકી ખુર્દમાં ભીમા નદીમાં બે યુવાનો ડૂબી ગયા. તેમાંથી એકનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે બીજાની શોધખોળ ચાલુ છે. આ ઉપરાંત બિરદાવાડી ગામમાં એક વ્યક્તિ કૂવામાં ડૂબી ગઈ અને શેલપિંપાલગાંવમાં ભીમા નદીમાં ડૂબી જવાથી ૪૫ વર્ષીય વ્યક્તિનું મોત થયું.

# ૧.૫૫ લાખ પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી શકે છે સોનાની કિંમત

## Goldman Sachs એ પોતાના રિપોર્ટમાં દાવો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ગોલ્ડમૅન સૅક્સએ પોતાના એક રિપોર્ટમાં કહ્યું કે આગામી વર્ષ સુધી સોનાની કિંમત ૧૫૫૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે જો વૈશ્વિક માહોલ વધુ અસ્થિર થયો તો સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માંગ અને કિંમત બંને વધી શકે છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે જો અમેરિકાના ખાનગી સેક્ટર દ્વારા હોલ્ડ કરવામાં આવી રહેલી યુએસ ટ્રેઝરીના માત્ર ૧ ટકા પૈસા સોનામાં રોકાણ કરવામાં આવે તો સોનાનો ભાવ લગભગ ૫૦૦૦ ડોલર પ્રતિ ઔંસ (આશરે ૧૫૫૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ) સુધી પહોંચી શકે છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ વર્ષે સોનું મુખ્ય કોમોડિટીઝમાંની એક તરીકે ઉભરી આવ્યું છે અને કિંમતોમાં એક તૃતીયાંશથી વધુનો વધારો થયો છે. આ વધારો કેન્દ્રીય બેંકોની ખરીદી અને ફેડરલ રિઝર્વ દ્વારા ટૂંક સમયમાં યુએસ વ્યાજ દરોમાં ઘટાડો કરવાની અપેક્ષાને કારણે થયો હતો. એવું કહેવામાં આવ્યું છે કે જો ફેડની સ્વતંત્રતા નબળી પડે છે, તો તે ફુગાવામાં વધારો કરી શકે છે.

ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સૅક્સનું કહેવું છે કે વર્તમાન ગ્લોબલ ઈકોનોમિક અને રાજકીય અનિશ્ચિતતાના માહોલમાં સોનું સુરક્ષિત રોકાણ બનેલું છે. અમેરિકી ફેડરલ રિઝર્વ પર દબાવ, બેંકની સ્વતંત્રતા પર ખતરો અને ડોલરમાં વિશ્વાસ ઘટવા જેવી સ્થિતિઓમાં રોકાણકારો યુએસ ટ્રેઝરીમાંથી પૈસા કાઢી સોનામાં નાખી શકે છે.

રિપોર્ટ પ્રમાણે જો નાની રકમ (૧ ટકો) પણ યુએસ ટ્રેઝરીમાંથી કાઢી સોનામાં રોકવામાં આવો તો માંગ વધવાથી સોનાની કિંમતમાં બમ્પર તેજી આવી શકે છે. અત્યાર સુધી સોનું ૨૦૨૫મા આશરે ૩૫ ટકા વધી ગયું છે અને ઘણી સેન્ટ્રલ બેંક સતત સોનું ખરીદી રહી છે.

ગોલ્ડમેન સૅક્સનું કહેવું છે કે ૨૦૨૬ના મધ્ય સુધી સોનું ૪૦૦૦ ડોલર પ્રતિ ઔંસ (૧.૨૫ લાખ પ્રતિ ૧૦ ગ્રામ) સુધી જઈ શકે છે પરંતુ ઉચ્ચ જોખમ કે અનિશ્ચિતતાની સ્થિતિમાં ૫૦૦૦ ડોલર પ્રતિ ઔંસ (૧.૫૫ લાખ પ્રતિ ૧૦ ગ્રામ) પણ સંભવ છે.

### બેંક બેલેન્સ જાણીને આંખો પહોળી થઈ જશે

# BCCIએ ૫ વર્ષમાં રૂપિયા ૧૪ હજાર કરોડની કરી કમાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

BCCI વિશ્વનું સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ છે. છેલ્લા ૫ વર્ષમાં BCCIની સંપત્તિમાં ૧૪,૬૨૭ કરોડ રૂપિયાનો વધારો થયો છે. બોર્ડ હજુ પણ ટીમ ઈન્ડિયાના મુખ્ય જર્સી સ્પોન્સરની શોધમાં છે. ટીમ ઈન્ડિયા એશિયા કપમાં જર્સી સ્પોન્સર વિના રમવા જઈ રહી છે. Cricbuzzના એક અહેવાલમાં BCCIની કમાણીનો ખુલાસો કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે ફક્ત ૨૦૨૩-૨૪માં, બોર્ડે ૪,૧૯૩ કરોડ રૂપિયાની કમાણી કરી હતી, જેનાથી તેની રોકડ અને બેંક બેલેન્સ ૨૦,૬૮૬ કરોડ રૂપિયા થઈ ગઈ હતી. રાજ્ય એકમોને બધી બાકી રકમ ચૂકવ્યા પછી પણ બોર્ડનું સામાન્ય ભંડોળ ૨૦૧૯માં ૩,૯૦૬ કરોડ રૂપિયાથી વધીને ૨૦૨૪માં ૭,૯૮૮ કરોડ રૂપિયા થઈ ગયું છે. આ આંકડા રાજ્ય ક્રિકેટ સંગઠનો સાથે શેર કરવામાં આવ્યા છે.

રિપોર્ટ અનુસાર, ૨૦૨૪ AGMમાં રજૂ કરાયેલા એકાઉન્ટ્સના સ્ટેટમેન્ટમાં કહેવામાં આવ્યું છે કે, "માનદ સચિવે સભ્યોને જાણ કરી હતી કે ૨૦૧૯થી BCCIની રોકડ અને બેંક બેલેન્સ ૬,૦૫૯ કરોડ રૂપિયાથી વધીને ૨૦,૬૮૬ કરોડ રૂપિયા થઈ ગઈ છે. રાજ્ય ક્રિકેટ એસોસિએશનોને બાકી રહેલી બધી રકમ ચૂકવ્યા પછી આ આંકડો છે. ૨૦૧૯થી છેલ્લા પાંચ વર્ષમાં BCCIએ ૧૪,૬૨૭ કરોડ રૂપિયા કમાયા છે. આ પાછલા નાણાકીય વર્ષ કરતા ૪,૧૯૩ કરોડ રૂપિયાનો વધારો છે. આ ઉપરાંત, ૨૦૧૯થી સામાન્ય ભંડોળ પણ ૩,૯૦૬ કરોડ રૂપિયાથી વધીને ૭,૯૮૮ કરોડ રૂપિયા થઈ ગયું છે, જે ૪,૦૮૨ કરોડ રૂપિયાનો વધારો છે."

ઓછી આંતરરાષ્ટ્રીય મેચોને કારણે કુલ મીડિયા અધિકારોની આવક રૂપિયા ૨૫૨૪.૮૦ કરોડથી ઘટીને ૮૧૩.૧૪ કરોડ થઈ ગઈ, પરંતુ રોકાણ આવકમાં ભારે વધારો થયો. ડિપોઝિટ પર ઊંચા વળતરને કારણે તે ૫૩૩.૦૫ કરોડથી વધીને ૯૮૬.૪૫ કરોડ થઈ ગઈ. રિપોર્ટ અનુસાર, IPLમાંથી થતી કમાણી અને ICC તરફથી મળેલા હિસ્સાને કારણે, BCCIએ ૨૦૨૩-૨૪ માટે ૧,૬૨૩.૦૮ કરોડ રૂપિયાનું સરપ્લસ નોંધાવ્યું, જે ગયા વર્ષના ૧,૧૬૭.૯૯ કરોડ રૂપિયા કરતા વધુ છે. ૨૦૨૩-૨૪ માટે BCCIએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે ૧,૨૦૦ કરોડ રૂપિયા, પ્લેટિનમ જ્યુબિલી ફંડ માટે ૩૫૦ કરોડ રૂપિયાનું સરપ્લસ અને ક્રિકેટના વિકાસ માટે ૫૦૦ કરોડ રૂપિયાનું સરપ્લસ ફાળવ્યું. રિપોર્ટમાં જણાવાયું છે કે રાજ્ય સંગઠનોને ૧,૯૯૦.૧૮ કરોડ રૂપિયાનું સરપ્લસ મળ્યું છે, જ્યારે ચાલુ વર્ષ માટે ૨,૦૧૩.૯૭ કરોડ રૂપિયાનું સરપ્લસ અંદાજવામાં આવ્યું છે. આ આંકડા ૨૮ સપ્ટેમ્બરે BCCIની વાર્ષિક સામાન્ય સભા (AGM)માં ઔપચારિક રીતે રજૂ કરવામાં આવશે.

### PIનું મોત, ૨ અન્ય પોલીસકર્મીની શોધખોળ શરૂ

# ઉજ્જૈનની શિપ્રા નદીમાં પોલીસની ગાડી ખાબકી



(સંપૂર્ણ સમાચાર સેવા)ઉજ્જૈન,

ભારે વરસાદના કારણે દેશભરમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. મધ્ય પ્રદેશમાં મહાકાલની નગરી ઉજ્જૈનમાં શિપ્રા નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. ત્યારે અહીં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. ગત રાત્રે પોલીસની એક ગાડી આ નદીમાં ખાબકી ગઈ હતી, જેમાં PI સહીત બે પોલીસકર્મી સવાર હતા. આ દુર્ઘટનામાં PIનું મોત થઈ ગયુ છે, તેમનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે અન્ય બે પોલીસકર્મીઓની શોધખોળ કરવામાં આવી રહી છે.

આ દુર્ઘટના શનિવારે રાત્રે લગભગ ૯:૩૦ વાગ્યે બની હતી. શિપ્રા નદીના મોટા પુલ પરથી પસાર થતી વખતે કાર અચાનક નદીમાં ખાબકી ગઈ હતી. ઘટનાની માહિતી મળતા જ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ. છેલ્લા ૧૧ કલાકથી રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહી છે, પરંતુ હજુ સુધી ૨ પોલીસકર્મીઓનો કોઈ પત્તો નથી લાગ્યો. અકસ્માતનો ભોગ બનેલી કારમાં PI અશોક શર્મા, એસઆઈ મદનલાલ નિનામા અને મહિલા પોલીસકર્મી આરતી પાલ સવાર હતા. ઘટના બાદ તરત જ વિસ્તારમાં રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યુ હતું. ૧૧ કલાકની બચાવ કામગીરી બાદ PI અશોક શર્માનો મૃતદેહ મંગલનાથ વિસ્તારમાંથી મળી આવ્યો હતો. બીજી તરફ મદનલાલ અને આરતી પાલની શોધખોળ હજુ પણ ચાલુ છે.

ઉજ્જૈનના એસપી પ્રદીપ શર્માએ જણાવ્યું કે, ગુરાડિયા સાંગમાંથી એક મહિલા ગુમ થઈ ગઈ હતી. ત્રણેય પોલીસકર્મીઓ તે મહિલાની તલાશમાં નીકળ્યા હતા. તેઓ ચિંતામણ વિસ્તાર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન શિપ્રા નદીના મોટા પુલને પાર કરતી વખતે તેમની કાર નીચે ખાબકી ગઈ.

ઘટનાની માહિતી મળતા જ NDRF અને SDRFની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યુ. જોકે, શિપ્રા નદીના પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છે અને પ્રવાહ ખૂબ જ ઝડપી છે, જેના કારણે રેસ્ક્યુ ઓપરેશનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

નદીમાં કાર પડી હોવાની માહિતી મળતાં જ બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, સવારે જ્યારે PI સહીત ત્રણ પોલીસકર્મીઓના ફોન બંધ આવ્યા ત્યારે કંઈક અઘટિત ઘટના ઘટી હોવાની આશંકા ગઈ. તેમના ફોનનું છેલ્લું લોકેશન સ્થળની નજીક મળી આવ્યું હતું.

### RSSના ૨૭ કાર્યકરોએ સામે કેસ દાખલ

# મંદિરમાં ઓપરેશન સિંદૂરવાળી રંગોળી બનાવનારા સામે કેસ દાખલ

## ઓણમ ઉત્સવ દરમિયાન કેરળના કોલ્લમ જિલ્લાના એક મંદિરમાં ફૂલોની રંગોળી બનાવવાના આરોપમાં કેસ દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલ્લમ,

ઓણમ ઉત્સવ દરમિયાન કેરળના કોલ્લમ જિલ્લાના એક મંદિરમાં ફૂલોની રંગોળી બનાવવાના આરોપમાં ૨૭ RSS સ્વયંસેવકો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ અંગે શનિવારે પોલીસે માહિતી આપી હતી. મંદિર સમિતિ દ્વારા કેરળ હાઈકોર્ટના આદેશનું ઉલ્લંઘન કર્યું હોવાનું કહી, આ સંદર્ભમાં કેસ નોંધવામાં આવ્યો હતો. જોકે, ભાજપે પોલીસ કાર્યવાહીની નિંદા કરી હતી અને દાવો કર્યો હતો કે, મુથુપ્પીલકડના પાર્થસારથી મંદિરમાં બનાવેલી રંગોળી ઓપરેશન સિંદૂરના સન્માનમાં બનાવવામાં આવી હતી.

મંદિર સમિતિના એક અધિકારી અશોકન સી. દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ભારતીય દંડ સંહિતા (BNS) ની કલમ ૨૨૩ (લોક સેવકો દ્વારા કાયદેસર રીતે જાહેર કરાયેલા આદેશોનું ઉલ્લંઘન), ૧૯૨ (હુલ્લડો કરવાના ઈરાદાથી જાણી જોઈને ઉશ્કેરણી કરવાની કાર્યવાહી) અને ૩(૫) (ઘણા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલ ગુનાહિત કૃત્ય) હેઠળ કેસ નોંધ્યો છે.

FIR અનુસાર આરોપીઓએ મંદિરના મુખ્ય માર્ગ પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના ધ્વજના ચિત્રવાળી ફૂલોની રંગોળી બનાવી હતી, જે હાઈ કોર્ટના એ આદેશનું ઉલ્લંઘન કર્યું હતું, જેમાં

સમિતિની મંજૂરી વગર મંદિર પરિસરમાં ફ્લેક્સ બોર્ડ સહિત કોઈપણ પ્રકારની સજાવટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મંદિરથી ૫૦ મીટર દૂર છત્રપતિ શિવાજીનું ફ્લેક્સ બોર્ડ પણ લગાવવામાં આવ્યું હતું.

મંદિર સમિતિના સભ્ય મોહનને મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, તહેવારો દરમિયાન મંદિરની નજીક ધ્વજ લગાવવાને લઈને ભૂતકાળમાં ઘણી વખત ઘર્ષણ થયું છે. આ પ્રકારના ઘર્ષણ ટાળવા માટે અમે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં ૨૦૨૩ માં મંદિર પરિસરની નજીક ધ્વજ સહિત કોઈપણ સુશોભન વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમ છતાં, ઈજીજી ના સ્વયંસેવકોએ મંદિર સમિતિની ફૂલોની ડિઝાઈનની બાજુમાં તેમના ધ્વજ સાથે ફૂલોની રંગોળી બનાવી અને ફૂલોથી ઓપરેશન સિંદૂર લખ્યું હતું.

અધિકારીએ કહ્યું કે, આ હાઈકોર્ટના આદેશનું ઉલ્લંઘન થયું છે અને તેનાથી સંઘર્ષ વધી શકે છે, જેથી અમે ફરિયાદ નોંધાવી છે. અમે ઓપરેશન સિંદૂરનું સંપૂર્ણ સન્માન કરીએ છીએ, પરંતુ આરોપીઓ જે ચિત્રણ કરી રહ્યા છે તે એવું નથી.

ભાજપે એક નિવેદનમાં પોલીસ પર નિશાન સાધતાં કહ્યું કે, આ ઘટના આઘાતજનક છે. ભાજપના પ્રદેશ પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે પ્રશ્ન કર્યો કે કેરળમાં જમાત-એ-ઈસ્લામીનું પાકિસ્તાનનું શાસન છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# ચોટીલામાં કેજરીવાલની સભામાં વરસાદ વિઘ્ન બન્યો : વરસાદે આમ આદમી પાર્ટીનો પ્લાન બગાડયો

પ્રતિનિધિ,ગાંધીનગર




આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની આગેવાનીમાં ચોટીલા ખાતે કપાસ પરના આયાત વેરાને હટાવવાના વિરોધમાં આજે રવિવારે આયોજીત કરાયેલી કિસાન મહાપંચાયત છેલ્લી ઘડીએ મોકુફ રાખવામાં આવી હતી. ચોટીલામાં જયાં સભા યોજાવવાની હતી તેના ગ્રાઉન્ડ ઉપર વરસાદી પાણી ફરી વળ્યા હતા. જેમાં વરસાદના કારણે સભાને મોકુફ રાખતા આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં નિરાશા વ્યાપી ગઈ હતી.

દરમિયાન કેજરીવાલે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં આમ આદમી પાર્ટી કોંગ્રેસ સાથે કોઈ ગઠબંધન નહી કરે, કેજરીવાલે કોંગ્રેસ પર પણ આકરા પ્રહારો કર્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલામાં અરવિંદ કેજરીવાલની સભાના ગ્રાઉન્ડ ઉપર વરસાદી પાણી ફરી વળ્યા હતા. જેમાં વરસાદના કારણે સભાને મોકુફ રાખતા આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં નિરાશા વ્યાપી ગઈ હતી. સતત ૧૦-૧૫ દિવસ સ્થાનિક આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ ગામડે ગામડે પહોચી સભાને સફળ બનાવવા માટે ભારે મહેનત કરી રહ્યા હતા. ખેડુત મહાપંચાયત સભામાં ૫૦ હજાર થી વધુ ખેડુતો ઉપસ્થિત રહેશે તેવુ આમ આદમી પાર્ટીનુ તારણ હતુ, હવે આગામી દિવસોમાં સભાનુ આયોજન કરવામાં આવશે અને તારીખ નકકી કરવામાં આવશે તેવુ આમ આદમી પાર્ટીના નેતાઓએ જણાવ્યુ હતું.

ચોટીલા ખાતે કિસાન મહાપંચાયત વરસાદના કારણે રદ કરવામાં આવતા આજે રવિવારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને ભાજપ તેમજ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. જેમાં તેમણે અમેરીકાથી આવતા કપાસ પર લગાડવામાં આવેલુ ૧૧ ટકા ટેરીફ રદ કરાતા ભારતના ખેડુતો પાયમલ બની આત્મહત્યા કરી લેશે એવી ભીતી કરી વ્યકત કરી હતી. જેથી અમેરીકાથી આવતા કપાસ પર પુનઃ ટેરીફ લગાવવામાં આવે તેવુ તેમણે કહ્યુ હતું. એક મણ દીઠ કપાસના ભાવ રૂપીયા ૨૧૦૦ આપવાની માંગ કરી હતી.

# ગુજરાત કોંગ્રેસ દ્વારા ૧૧ મી સપ્ટેમ્બર થી ખેડુત અધિકાર યાત્રાનો પ્રારંભ થશે: ગુજરાત કોંગ્રેસ દ્વારા સૌરાષ્ટ્રમાં ૭ દિવસ ખેડુત સંમેલનો યોજાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આગામી તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ થી સૌરાષ્ટ્રમાં ખેડુતોના પડતર પ્રશ્નોના મુદ્દે ખેડુત અધિકાર યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે.ગુજરાત કોંગ્રેસના ૫૦ થી વધુ આગેવાનો સમગ્ર સૌરાષ્ટ્રમાં જિલ્લા પંચાયતની બેઠકો દીઠ સતત ૭ દિવસ ખેડુત સંમેલન કરશે તેવુ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવા દળના મુખ્ય સંગઠક લાલજીભાઈ દેસાઈ તેમજ ગુજરાત કિસાન કોંગ્રેસના પ્રવકતા યુવરાજસિંહ રાણા એ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતું.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવાદળના મુખ્ય સંગઠક લાલજીભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાની સુચનાથી આગામી તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ થી સૌરાષ્ટ્રમાં ખેડુતોના પડતર પ્રશ્નોના મુદ્દે ખેડુત અધિકાર યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાત કોંગ્રેસના ૫૦ થી વધુ આગેવાનો સમગ્ર સૌરાષ્ટ્રમાં જિલ્લા પંચાયતની બેઠકો દીઠ સતત ૭ દિવસ ખેડુત સંમેલન કરશે. તેમાં ખેડુતોના મુદ્દાઓ તેમની સમસ્યાઓ અને તેમના સળગતા સવાલોને સમજીને સમગ્ર રાજયવ્યાપી આંદોલનમાં શું કરી શકાય અને ખેડુતો તથા પશુપાલકોના અધિકારો બચાવવા માટે આ પ્રથમ રૂપરેખા રહેશે. ત્યારબાદ ખેડુતોનુ પ્રથમ મહાસંમેલન નવરાત્રી અગાઉ સૌરાષ્ટ્રમાં થશે. ત્યારબાદ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સમગ્ર ગુજરાતના ખેડુતો, પશુપાલકો, દુધ ઉત્પાદકો અને આદિવાસી વિસ્તારોમાં જેમના જમીનના હકકો છીનવાયા છે તેઓ ને સાથે રાખીને આવનાર દિવસોમાં ઘોર નિંદ્રામાં પોઢેલી સરકારને જગાડવામાં આવશે.

વધુમાં તેમણે કહ્યુ હતુ કે દેશમાં અને ગુજરાતમાં પણ રાસાયણીક ખાતરો જેવા કે યુરીયા, ડીએપી, એનપીએ, કૃત્રિમ અછત સર્જાય છે. ખેડુતોને જયારે જરૂરીયાત હોય ત્યારે મળતા નથી, તેમજ સાથે બિન જરૂરી નેનો યુરીયા મોઘા ભાવે ભટકાડી દેવામાં આવે છે. ગુજરાત કિસાન કોંગ્રેસના પ્રવકતા યુવરાજસિંહ રાણાએ જણાવ્યુ હતુ કે ભાજપની સરકાર વાત ખેડુતોના હિતની કરે છે અને તમામ નિર્ણયો ખેડુતોના અહીતના નુકશાનકારી લે છે, નાણાં મંત્રી નિર્મલા સિતારમણજીએ ચાલુ વર્ષના બજેટ દરમિયાન ખેડુતોને આપવામાં આવતી કિસાન ક્રેડિટ કાર્ડ લોનની મર્યાદા ૩ લાખથી વધારીને ૫ લાખ પ્રતિ ખેડુત કરવાની જાહેરાત કરી હતી, પરંતુ હકીકેત ૬ મહિનાના અંતે આજદીન સુધી પણ ખેડુતોને ૫ લાખ રૂપીયાનુ ધિરાણ મળ્યુ નથી. જાહેરાત માત્ર ખેડુતોને છેતરવા પુરતી સીમિત હતી.

ચાલુ વરસે ૨૦૨૫-૨૬ ની એમએસપી સરકારે જાહેરાત કરી ત્યારે સરકારે ખુબ મોટો ઢંઢેરો પીટેલો કે ભાજપની સરકારે ખેડુતોના હીત માટે એમએસપીમાં ૨૦૧૪ થી અત્યાર સુધીમાં બમણો વધારો કર્યો છે. તેની વાહ વાહી કરી હતી, પરંતુ ટકાવારીના આંકડા જોતા વાસ્તવિકતા કંઈક જુદી દેખાઈ રહી છે.

# ભાવનગર રેલવે મંડળ પર "ફિટ ઈન્ડિયા સાઈક્લિંગ ડ્રાઈવ" અંતર્ગત અધિકારીઓ અને કર્મચારીઓએ ચલાવી સાઈકલ






પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ પર આજે ફિટ ઈન્ડિયા પહેલ અંતર્ગત અને ફિટનેસને દૈનિક જીવનનો હિસ્સો બનાવવાના ઉદ્દેશ સાથે ‘‘ફિટનેસ કી ડોઝ, આધા ઘંટા રોજ’’ થીમ હેઠળ ‘‘ફિટ ઈન્ડિયા સાઈક્લિંગ ડ્રાઈવ’’ (સન્ડે ઑન સાઇકલ) નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે ‘‘ફિટ ઈન્ડિયા સાઈક્લિંગ ડ્રાઈવ’’ ના અવસરે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ સાઈકલ રેલીને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી. તેમની આગેવાનીમાં મંડળ કાર્યાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રેલી ભાવનગર રેલવે અધિકારી વિશ્રામ ગૃહથી શરૂ થઈને નીલમ બાગ સર્કલ, જવેલ્સ સર્કલ માર્ગે ફરીથી રેલવે અધિકારી વિશ્રામ ગૃહે પૂર્ણ થઈ હતી.

ભાગ લેનારોએ અંદાજે ૬ કિ.મી.નું અંતર સાઈકલથી પૂર્ણ કર્યું હતું. આ આયોજન આરોગ્ય, ફિટનેસ અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવાનો પ્રેરણાત્મક પ્રયાસ સાબિત થયું હતું. આ અવસરે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ અને મોટી સંખ્યામાં રેલ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અભિયાનનો મુખ્ય હેતુ રેલ કર્મચારીઓ અને સામાન્ય નાગરિકોને આળસ, તણાવ, ચિંતા અને બીમારીઓથી મુક્તિ અપાવીને સ્વસ્થ અને સક્રિય જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવાનો હતો. ભાવનગર મંડળનું આ પગલું લોકોને દૈનિક જીવનમાં ફિટનેસ પ્રવૃત્તિઓ અપનાવવા પ્રોત્સાહિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.

# સાબરકાંઠા જિલ્લામાં ઘરફોડ ચોરીના આરોપીઓની પુછપરછ દરમિયાન ખુન અને ચોરીનો ભેદ ઉકેલતી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ

પ્રતિનિધિ,ગાંધીનગર

પ્રતિનિધિ,ગાંધીનગર



સાબરકાંઠા જિલ્લામાં કરેલ ઘરફોડ ચોરીના આરોપીઓની પુછપરછ દરમિયાન દોઢેક માસ અગાઉ ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં સગા ભાઈનુ મોત નિપજાવી લાશને નદીમાં દાટેલ હોય જે લાશ કાઢી ખુનનો તથા ઘરફોડ ચોરીનો ભેદ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઉકેલી દેવામાં આવ્યો છે.

ગઈ તા. ૧૫/૭/૨૫ ના રોજ પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામની સીમમાં દાસફુડ ટેક પ્રા.લી. તથા દાસ સુપર ફુડ પ્રા.લી. કંપનીમાં રાત્રી દરમિયાન કેટલાક ચોર ઈસમોએ આવી કંપનીની ઓફીસ તોડી તેમાંથી રોકડ રૂપીયા ૧૦ લાખની ચોરી કરેલ બાબતે પ્રાંતિજ પોલીસ ચોપડે ગુન્હો નોંધાયેલ જે બાબતે સદર ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવા જિલ્લા પોલીસ વડા ડો. પાર્થરાજસિંહ ગોહિલની સુચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ એસ.એન.કરંગીયા નાઓના માર્ગદર્શન હેઠળ પીઆઈ ડીસી પરમાર તથા એલસીબી સ્ટાફની ટીમ બનાવી તેમજ ટેકનીકલ સર્વેલન્સ અને સીસીટીવી ફુટેજ તથા હ્યુમન સોર્સિસની મદદ મેળવી સતત ઉપરોકત ગુન્હાનો ભેદ ઉકેલવામાં ટીમ કાર્યરત રહી હતી. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગઈ તા. ૪ સપ્ટેમ્બર ના રોજ પીઆઈ ડી સી પરમાર તથા એલસીબી સ્ટાફની ટીમ અંબાજી ભાદરવી પુનમને લઈ પદયાત્રી ચાલતા જતા હોઈ જેથી હિંમતનગર ઈડર રોડ ઉપર પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે આજથી દસેક દિવસ અગાઉ જાદર પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના માનગઢ ગામમાં ૩ દુકાનોમાં ચોરી કરનાર તથા એક બાઈકની ચોરી કરનાર તેમજ પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે ફેકટરીમાં દોઢેક મહિના અગાઉ ચોરી કરનાર રાહુલ લક્ષ્મણભાઈ બજાણીયા (રહે.પાણપુર પાટીયા હિંમતનગર) નાઓ એક વાદળી કલરની લોડીંગ રીક્ષા નં. જીજે ૦૯ એએકસ ૯૪૯૧ ની સાથે તેની પત્ની તથા તેનો ભાઈ મેહુલ ઈડર તરફથી હિંમતનગર આવતા રોડ ઉપર વાહન ચેકીંગ દરમિયાન ઉપરોકત બાતમી આધાર મુજબની લોડીંગ રીક્ષા આવતા જે રીક્ષાને રોકી ચાલકને પુછપરછ કરવામાં આવતા જેણે પોતાનુ નામ (૧) રાહુલભાઈ ઉર્ફે વિકાસ લક્ષ્મણભાઈ બજાણીયા (ઉ.વ.૨૫) (૨) મેહુલભાઈ ઉર્ફે કાળીયો લક્ષ્મણભાઈ બજાણીયા (ઉ.વ.૨૨) (૩) શિતલ ઉર્ફે કાળી રાહુલભાઈ ઉર્ફે વિકાસ લક્ષ્મણભાઈ બજાણીયા (ઉ.વ.૨૦) ત્રણેય રહે. હાલ વિરપુર શ્રીનાથનગર આઈટીઆઈ ની પાછળ હિંમતનગર, જિ.સાબરકાંઠા મુળ રહે. પાણપુર પાટીયા, આદર્શ હાઈસ્કુલ નજીક તા.હિંમતનગર જી.સાબરકાંઠા હોવાનુ જણાવ્યુ હતું.

આ અંગે ચાલક રાહુલ બજાણીયાની અંગ ઝડતી લેતા તેની પાસેથી એક રીયલમી કંપનીનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો તેમજ અન્ય માણસોની અંગ ઝડતી લેતા તેઓની પાસેથી કોઈ શંકાસ્પદ ચીજ વસ્તુ મળી આવી ન હતી. તેમજ રીક્ષાની તલાસી લેતા તેમાંથી કપડા અને અન્ય પરચુરણ સામાન પડેલ હોય જે સરસામાનનુ ચેકીગ કરતા કપડાની થેલીમાંથી અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ હોય, જે રોકડ રકમ બાબતે પુછતા તે રકમ રાહુલ ઉર્ફે વિકાસ બજાણીયાની હોવાનુ જણાવેલ જેથી ત્રણેય ઈસમોને એલસીબી કચેરી લાવી પુછપરછ કરતા રાહુલ ઉર્ફે વિકાસ લક્ષ્મણ બજાણીયાએ કબુલ્યુ હતુ કે આજથી આશરે દોઢેક મહિના અગાઉ રાહુલભાઈ ઉર્ફે વિકાસ તથા કરણ સરતાનભાઈ પટણી રહે.સાંઈ મંદિર પાછળ પ્રદુષણનગર તા.મહેસાણા જી.મહેસાણા તથા અર્જુનભાઈ ગાંડાભાઈ દેવીપુજક રહે.હાઉસિંગ પાસે મહેસાણાનાઓએ રાત્રીના સમયે છુટક વાહનમાં બેસી સલાલ નજીક ગયેલ અને ત્યાં એક ફેકટરીમાં બારીઓના ગ્રીલ તોડી રાહુલ ઉર્ફે વિકાસ તથા અર્જુન ફેકટરીની અંદર ગયેલ અને કરણ બહાર કોઈ આવે નહી તેની ચોકી કરતો હતો. ફેકટરીમાંથી રોકડા રૂપીયા આશરે ૮ લાખ જે ત્રણેય સરખે ભાગે વહેચી દીધેલ હોવાનુ કબુલ્યુ હતું. તો અન્ય એક ગુન્હામાં કબુલ્યુ હતુ કે આશરે દસેક દિવસ અગાઉ રાહુલ ઉર્ફે વિકાસ તેમજ અજય ઉર્ફે અજી તખાજી ઠાકોર રહે. મહેસાણા સાંઈ મંદિર પાસે કસ્બા નજીક (કાજલબેન ગોપાલભાઈ વાઘેલા) ના ઘરમાં બંને જણા રાત્રીના સમયે મારી લોડીંગ રીક્ષા લઈ હિંમતનગરથી ચોરી કરવા જાદર નજીક રીક્ષા મુકી જાદર ગામમાં આવી એક મોટર સાઈકલની ચોરી કરી મોટર સાઈકલને માનગઢ ગામમાં લઈ જઈ ૩ દુકાનોના તાળા તોડી દુકાનની અંદરથી રોકડ ૮૦ હજારની ચોરી કરેલ જેમાંથી અજય ને રૂપીયા ૨૫ હજારનો ભાગ આપ્યો હતો અને બાકીના રૂપીયા મેં રાખેલ અને ત્યાંથી મારી રીક્ષા લઈને અજયને હિંમતનગર બાયપાસ રોડે ઉતારી રીક્ષા લઈ ઘરે જઈ મોટર સાઈકલ મારા ઘરે વિરપુર મુકવામાં આવી હોવાનુ કબુલ્યુ હતું. આમ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઘરફોડ અને ખુનનો ભેદ ઉકેલવામાં સફળ રહી હતી.

સાબરકાંઠા જિલ્લામાં કરેલ ઘરફોડ ચોરીના આરોપીઓની પુછપરછ દરમિયાન દોઢેક માસ અગાઉ ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં સગા ભાઈનુ મોત નિપજાવી લાશને નદીમાં દાટેલ હોય જે લાશ કાઢી ખુનનો તથા ઘરફોડ ચોરીનો ભેદ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઉકેલી દેવામાં આવ્યો છે.

ગઈ તા. ૧૫/૭/૨૫ ના રોજ પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામની સીમમાં દાસફુડ ટેક પ્રા.લી. તથા દાસ સુપર ફુડ પ્રા.લી. કંપનીમાં રાત્રી દરમિયાન કેટલાક ચોર ઈસમોએ આવી કંપનીની ઓફીસ તોડી તેમાંથી રોકડ રૂપીયા ૧૦ લાખની ચોરી કરેલ બાબતે પ્રાંતિજ પોલીસ ચોપડે ગુન્હો નોંધાયેલ જે બાબતે સદર ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવા જિલ્લા પોલીસ વડા ડો. પાર્થરાજસિંહ ગોહિલની સુચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ એસ.એન.કરંગીયા નાઓના માર્ગદર્શન હેઠળ પીઆઈ ડીસી પરમાર તથા એલસીબી સ્ટાફની ટીમ બનાવી તેમજ ટેકનીકલ સર્વેલન્સ અને સીસીટીવી ફુટેજ તથા હ્યુમન સોર્સિસની મદદ મેળવી સતત ઉપરોકત ગુન્હાનો ભેદ ઉકેલવામાં ટીમ કાર્યરત રહી હતી. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગઈ તા. ૪ સપ્ટેમ્બર ના રોજ પીઆઈ ડી સી પરમાર તથા એલસીબી સ્ટાફની ટીમ અંબાજી ભાદરવી પુનમને લઈ પદયાત્રી ચાલતા જતા હોઈ જેથી હિંમતનગર ઈડર રોડ ઉપર પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે આજથી દસેક દિવસ અગાઉ જાદર પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના માનગઢ ગામમાં ૩ દુકાનોમાં ચોરી કરનાર તથા એક બાઈકની ચોરી કરનાર તેમજ પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે ફેકટરીમાં દોઢેક મહિના અગાઉ ચોરી કરનાર રાહુલ લક્ષ્મણભાઈ બજાણીયા (રહે.પાણપુર પાટીયા હિંમતનગર) નાઓ એક વાદળી કલરની લોડીંગ રીક્ષા નં. જીજે ૦૯ એએકસ ૯૪૯૧ ની સાથે તેની પત્ની તથા તેનો ભાઈ મેહુલ ઈડર તરફથી હિંમતનગર આવતા રોડ ઉપર વાહન ચેકીંગ દરમિયાન ઉપરોકત બાતમી આધાર મુજબની લોડીંગ રીક્ષા આવતા જે રીક્ષાને રોકી ચાલકને પુછપરછ કરવામાં આવતા જેણે પોતાનુ નામ (૧) રાહુલભાઈ ઉર્ફે વિકાસ લક્ષ્મણભાઈ બજાણીયા (ઉ.વ.૨૫) (૨) મેહુલભાઈ ઉર્ફે કાળીયો લક્ષ્મણભાઈ બજાણીયા (ઉ.વ.૨૨) (૩) શિતલ ઉર્ફે કાળી રાહુલભાઈ ઉર્ફે વિકાસ લક્ષ્મણભાઈ બજાણીયા (ઉ.વ.૨૦) ત્રણેય રહે. હાલ વિરપુર શ્રીનાથનગર આઈટીઆઈ ની પાછળ હિંમતનગર, જિ.સાબરકાંઠા મુળ રહે. પાણપુર પાટીયા, આદર્શ હાઈસ્કુલ નજીક તા.હિંમતનગર જી.સાબરકાંઠા હોવાનુ જણાવ્યુ હતું.

આ અંગે ચાલક રાહુલ બજાણીયાની અંગ ઝડતી લેતા તેની પાસેથી એક રીયલમી કંપનીનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો તેમજ અન્ય માણસોની અંગ ઝડતી લેતા તેઓની પાસેથી કોઈ શંકાસ્પદ ચીજ વસ્તુ મળી આવી ન હતી. તેમજ રીક્ષાની તલાસી લેતા તેમાંથી કપડા અને અન્ય પરચુરણ સામાન પડેલ હોય જે સરસામાનનુ ચેકીગ કરતા કપડાની થેલીમાંથી અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ હોય, જે રોકડ રકમ બાબતે પુછતા તે રકમ રાહુલ ઉર્ફે વિકાસ બજાણીયાની હોવાનુ જણાવેલ જેથી ત્રણેય ઈસમોને એલસીબી કચેરી લાવી પુછપરછ કરતા રાહુલ ઉર્ફે વિકાસ લક્ષ્મણ બજાણીયાએ કબુલ્યુ હતુ કે આજથી આશરે દોઢેક મહિના અગાઉ રાહુલભાઈ ઉર્ફે વિકાસ તથા કરણ સરતાનભાઈ પટણી રહે.સાંઈ મંદિર પાછળ પ્રદુષણનગર તા.મહેસાણા જી.મહેસાણા તથા અર્જુનભાઈ ગાંડાભાઈ દેવીપુજક રહે.હાઉસિંગ પાસે મહેસાણાનાઓએ રાત્રીના સમયે છુટક વાહનમાં બેસી સલાલ નજીક ગયેલ અને ત્યાં એક ફેકટરીમાં બારીઓના ગ્રીલ તોડી રાહુલ ઉર્ફે વિકાસ તથા અર્જુન ફેકટરીની અંદર ગયેલ અને કરણ બહાર કોઈ આવે નહી તેની ચોકી કરતો હતો. ફેકટરીમાંથી રોકડા રૂપીયા આશરે ૮ લાખ જે ત્રણેય સરખે ભાગે વહેચી દીધેલ હોવાનુ કબુલ્યુ હતું.

તો અન્ય એક ગુન્હામાં કબુલ્યુ હતુ કે આશરે દસેક દિવસ અગાઉ રાહુલ ઉર્ફે વિકાસ તેમજ અજય ઉર્ફે અજી તખાજી ઠાકોર રહે. મહેસાણા સાંઈ મંદિર પાસે કસ્બા નજીક (કાજલબેન ગોપાલભાઈ વાઘેલા) ના ઘરમાં બંને જણા રાત્રીના સમયે મારી લોડીંગ રીક્ષા લઈ હિંમતનગરથી ચોરી કરવા જાદર નજીક રીક્ષા મુકી જાદર ગામમાં આવી એક મોટર સાઈકલની ચોરી કરી મોટર સાઈકલને માનગઢ ગામમાં લઈ જઈ ૩ દુકાનોના તાળા તોડી દુકાનની અંદરથી રોકડ ૮૦ હજારની ચોરી કરેલ જેમાંથી અજય ને રૂપીયા ૨૫ હજારનો ભાગ આપ્યો હતો અને બાકીના રૂપીયા મેં રાખેલ અને ત્યાંથી મારી રીક્ષા લઈને અજયને હિંમતનગર બાયપાસ રોડે ઉતારી રીક્ષા લઈ ઘરે જઈ મોટર સાઈકલ મારા ઘરે વિરપુર મુકવામાં આવી હોવાનુ કબુલ્યુ હતું. આમ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઘરફોડ અને ખુનનો ભેદ ઉકેલવામાં સફળ રહી હતી.

# ચુંટણીપંચ- ભાજપ મીલી ભગત ? બે ભાઈઓ વચ્ચે ૬ મહિનાનુ અંતર, એક પિતાના ૧૨ દિકરા

પ્રતિનિધિ,ગાંધીનગર

બારડોલીમાં કોંગ્રેસના જનઅધિકાર અભિયાન સંમેલનમાં સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદ ચૌધરીએ મતદાર યાદીમાં ગંભીર ગેરરીતીઓ હોવાનો આરોપ મુકયો હતો. કડોદરા વોર્ડ નં. ૬ માં એક જ બાપના ૧૨ દિકરા દર્શાવવામાં આવ્યા હોવાનુ તેમણે જણાવ્યુ હતું. તે સિવાય બે દિકરા વચ્ચે માત્ર ૬ મહિનાનુ અંતર બતાવવામાં આવ્યુ છે જે બાયોલોજીકલી અશકય છે.



દિલ્હીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગઈ તા. ૭ ઓગસ્ટે ભારતીય ચુંટણી પંચ પર ગંભીર આરોપો લગાવ્યા હતા, ચુંટણીપંચ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે મીલીભગત હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. આ આરોપના સમર્થનમાં તેમણે પુરાવા રજુ કર્યા હતા. આ એક રીતે લોકશાહી સાથે છેતરપીંડી હોવાનુ તેમણે જણાવ્યુ હતું. થોડા સમય અગાઉ સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખની નિમણુંક બાદ તમામ તાલુકાઓના પ્રમુખોની નિયુકિત થયા બાદ પ્રથમ વખત સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ચલથાણ ગામે તેરા પંથ ભવનમાં પલસાણા તાલુકા, ૮૪ તાલુકા તેમજ કડોદરા નગરના કોંગ્રેસ કાર્યકરોનુ સંમેલન યોજાયુ હતું. જેમાં ૮૪ તાલુકા, કડોદરા નગર કોંગ્રેસ તેમજ પલસાણા તાલુકા ઉપરાંત જિલ્લા કોંગ્રેસના તમામ કાર્યકરો અને સેલ ફ્રન્ટલ ના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કડોદરાના વોર્ડ નં. ૬ અને વરેલી ગામમાં જીરો નંબરથી એક જ ઘરમાં ૭૦ લોકો મતદાર યાદીમાં નોંધાયેલા હોવાનો આક્ષેપ આ પ્રસંગે સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદ ચૌધરીએ કર્યો હતો. આ તો માત્ર એક જ વિસ્તારની વાત થઈ પણ બીજા રાજયમાંથી સુરત ઉદ્યોગ અર્થે આવતા લોકોનુ પણ પોતાના રાજયની સાથે સાથે સુરતની મતદાર યાદીમાં પણ નામ નોંધાયેલા હોય છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકસભા વિસ્તાર વારાણસીમાં પણ એક જ પિતા કમલદાસના ૪૦ પુત્ર નિકળ્યા, જેમાં એક દિકરાની ઉંમર ૬૦ થી ૬૫ વરસ નોંધાયેલી છે જયારે બીજાની ૧૮ વરસ નોંધાયેલી છે, કડોદરા નગરના પૂર્વ ઉપપ્રમુખ ઉમેશ માસ્તરે કહ્યુ હતુ કે તે પ્રમાણે અહીં પણ વોર્ડ નં. ૬ માં એક જ બાપના ૧૨ દિકરા બતાવવામાં આવ્યા છે. એટલુ જ નહી બે દિકરા વચ્ચેનુ અંતર ૬-૬ મહિનાનુ છે. તો આવી અસંખ્ય ગોબાચારી કરીને, ફર્જી વોટ બનાવીને ભાજપ અને ઈલેકશન કમિશન સામાન્ય લોકોના અધિકાર છીનવવાનુ કામ કરે છે. અમે આ જન અધિકાર આંદોલનથી આનો પર્દાફાશ કરીશું. આવા અનેક દાખલાઓ આપતા પલાસણા તાલુકાના કોંગ્રેસ મહામંત્રી હેમંત પટેલે જણાવ્યુ હતુ કે વરેલી માં એક જ ઘરમાં ૭૦ લોકો રહે છે, જે શકય નથી, આ મતદાર યાદીમાં નોંધાયેલા બોગસ મતદારો છે, ૭૦૦ મતદાર પ્લોટ નં. ૫૨ અને ફલેટ નં. ૫૨ ના નામે નોંધાયેલા છે. બિલ્ડીંગ નંબર સિવાય અન્ય કોઈ એડ્રેસ યાદીમાં બતાવ્યુ નથી. જેના આધારે કહી શકાય કે આ બોગસ નોંધણી થયેલી છે, તેમણે માહિતી આપતા જણાવ્યુ હતુ કે વરેલીમાં કુલ ૬ બુથ છે ૧ થી ૬ સુધીમાં ૪ હજાર થી વધુ મતદારોની નોંધણી થયેલી હોવાનુ તેનો સમગ્ર અભ્યાસ કરતા જણાયુ હતુ.

જેમાં ૨૫૦ મતદારો એવા છે જેમના ૦ થી શરૂ થાય છે. બીજા ૧૦૦ થી વધુ મતદાર ઘર નં. ૧ ૫ર છે, ૨ નંબર ૫ર ૮૪ મતદાર છે, આજ રીતે ઔદ્યોગિક વિસ્તારમાં જે નોંધણી કરવામાં આવી છે તેમાં પ્લોટ અને ફલેટના નામે નોંધણી થયેલી છે, એટલે એ મતદારને શોધવો મુશ્કેલ છે, તો બીજી તરફ બીએલઓ દ્વારા જે કામગીરી કરાઈ છે તે વ્યવસ્થિત નથી, જેમાં ઘર નંબર તેમણે પોતાની મરજીથી આપી દીધા છે.

# જનરલ કોચમાં મુસાફરોને ગુમરાહ કરનાર નકલી ટીટીઈ ઝડપાયો

રેલવે હેલ્પલાઈન પોર્ટલ પર મળેલી ફરિયાદ સંદર્ભ નંબર ૨૦૨૫૦૯૦૭૦૨૩૪૪ મુજબ, ટ્રેન સંખ્યા ૧૬૬૧૩ના જનરલ કોચમાં વડોદરાથી અમદાવાદ વચ્ચે એક વ્યક્તિ દ્વારા પોતાને ટીટીઈ તરીકે રજૂ કરીને મુસાફરોને ગુમરાહ કરતો હોવાની માહિતી મળી હતી.

આ ફરિયાદની તાત્કાલિક નોંધ લેતા, અમદાવાદ ડિવિઝનના વાણિજ્ય વિભાગના ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ(Dy.SS/Comm) શ્રી સચિન જાદવ અને ટિકિટ ચેકિંગ સ્ટાફ શ્રી રાજેશે તત્પરતા,સતર્કતા,અને કાર્યક્ષમતાનો પરિચય આપીને આરપીએફ સ્ટાફની મદદથી તે શંકાસ્પદ વ્યક્તિને અમદાવાદ સ્ટેશન પર તાત્કાલિક પકડી લીધો.પ્રાથમિક પૂછપરછમાં તે વ્યક્તિએ પોતાનું નામ અમન પ્રકાશ હોવાનું જણાવ્યું હતું, પરંતુ તે કોઈ માન્ય રેલવે ઓળખપત્ર રજૂ કરી શક્યો ન હતો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, તેને જરૂરી કાનૂની કાર્યવાહી માટે જીઆરપી અમદાવાદને સોંપવામાં આવ્યો હતો.

ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ (વાણિજ્ય) શ્રી સચિન જાદવ તથા ટીટીઈ શ્રી રાજેશ અને આરપીએફ અમદાવાદ દ્વારા કરવામાં આવેલી ત્વરિત કાર્યવાહી,સતર્કતા અને મુસાફરોની સુરક્ષા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા ખૂબ જ પ્રશંસનીય છે.

# સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા બસસ્ટેન્ડ ઉપરથી રૂ. ૯, ૯૭,૦૦૦ હજારના એમડી ડ્રગ્સ સાથે આરોપી પકડાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા બસસ્ટેન્ડ નજીકથી રૂપીયા ૯ લાખ ૯૭ હજાર ના એમ ડી ડ્રગ્સ સાથે આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. સાબરકાંઠા જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલના સુચના અને માર્ગદર્શન અન્વયે જિલ્લામાં યુવાધન નશાના રવાડે ન ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનુ વેચાણ અટકાવવા મિશન અંતર્ગત તથા ડ્રગ્સ મુકત સાબરકાંઠા સુત્રને સાર્થક કરવા નાર્કોટીકસના પદાર્થોને ખરીદ વેચાણ કરનારા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની સુચના આપેલ જે સુચના અન્વયે ખેડબ્રહ્મા પીઆઈ ડી એન સાધુ નાઓ ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડ આગળ રોડ ઉપર ભાદરવી પુનમને લઈ વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન મળેલ બાતમી આધારે એક ઈસમ શંકાસ્પદ હાલતમાં નાયરા પેટ્રોલ પંપ બાજુથી ચાલતો ચાલતો બસસ્ટેન્ડ તરફ આવી રહ્યો હતો. જેને શરીરે સફેદ જેવા કલરનુ શર્ટ તથા નીચે કાળા જેવા કલરનુ જીન્સ પેન્ટ પહેરેલુ હતુ તેની પાસે માદક પદાર્થ છે તેવી બાતમી મળી હતી. બાતમી આધારે ઈસમ ચાલતો ચાલતો આવતો હોય રેઈડીંગના ટીમના પોલીસના માણસોએ ઈસમને કોર્ડન કરી ઈસમનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ સલાઉદ્દીન સૈજુદ્દીન શેખ (ઉ.વ.૨૭ રહે ખાલા મહોલા તા.કોટડા છાવણી જી.ઉદેપુર, રાજસ્થાન) નો હોવાનુ જણાવ્યુ હતું. ઈસમની અંગ ઝડતી લેતા તેના કબ્જામાંથી મેફેડ્રોન (એમડી) નો જથ્થો ૯૯.૬૨ ગ્રામ માદક પદાર્થ જેની બજાર કિંમત રૂપીયા ૯,૯૬,૨૦૦ તથા મોબાઈલ કિંમત રૂપીયા ૫ હજાર મળી કુલ રૂપીયા ૧૦,૦૧,૨૦૦ નો મુદ્દામાલ ઝડપી લઈ એનડીપીએસ એકટ ૧૯૮૫ ની કલમ ૮(સી) ૨૨ (સી) ૨૯ મુજબનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ૩૬ લાખથી વધુ લોકોએ મા અંબાના દર્શન કર્યા

# ભાદરવી પૂનમના મેળાના અંતિમ દિવસે માઈ ભક્તોનું ઘોડાપૂર

## ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી લાખો માઈ ભક્તો કઠીન પદયાત્રા કરીને પહોંચ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અંબાજી,

માતા શક્તિના હૃદય સ્થાન સમાં યાત્રાધામ અંબાજી ખાતે સાત દિવસીય ભાદરવી પૂનમ મહામેળાનો રવિવારે (સાતમી સપ્ટેમ્બર) અંતિમ દિવસ છે. અત્યાર સુધીમાં ૩૬ લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શનનો લાભ લીધો.



આ ઉપરાંત ચંદ્રગ્રહણને કારણે મંદિરના દર્શન સમયમાં ફેરફાર કરાયો હતો. વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જામી, પરંતુ ગ્રહણને લીધે સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી મંદિર બંધ રહ્યું. બપોરે ૧૨થી ૧૨:૩૦ દરમિયાન માતાજીની શયન આરતી થઈ, અને ૧૨:૩૦થી સાંજે ૫ વાગ્યા સુધી જાળીમાંથી દર્શનની પરવાનગી આપવામાં આવી હતી.

બીજી તરફ ગ્રહણના કારણે ૧૨:૩૦ પછી મંદિરના શિખરે ધજા પણ ચઢાવવામાં ન આવી. સાંજે ૫ વાગ્યા પછી મંદિર દર્શન માટે બંધ કરવામાં આવશે.

ગુજરાતના એક માત્ર સુવર્ણ મંદિર ધરાવતા આરાસુર ધામમાં મા અંબાના જગ વિખ્યાત ભાદરવી પૂનમનો મહામેળો રંગેચંગે યોજાઈ રહ્યો છે. મા શક્તિની ભક્તિના અનેરા સંગમમાં માતાજીના દર્શન અને આશીવાદ મેળવવા ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી લાખો માઈ ભક્તો કઠીન પદયાત્રા કરીને અનંત ચૌદેશના રોજમાં અંબાના ધામ આરાસુરમાં ઉમટી પડ્યાં હતા .જેને લઈ ભાદરવી પૂનમના પરંપરાગત મહામેળાના છઠ્ઠા દિવસે અંબાજી ધામ શ્રદ્ધાળુઓથી છલકાઈ ઉઠ્યું હતું.

સેંકડો કિલોમીટરની પદયાત્રા કરીને અંબાજી પહોંચેલા માઈભક્તોએ અદમ્ય ઉત્સાહ સાથે માતાજીના કરી અનુભવી હતી.

માઈ ભક્તોએ દંડવત પ્રણામ કરી માતાજીના ગર્ભગૃહમાં જય અંબેના નાદ સાથે પોતાની માનતા આખડીઓ પૂર્ણ કરી હતી. અનેક સંઘો, માંડવી ઓના માઈ ભક્તો દ્વારા માતાજીને નવરાત્રિમાં પોતાની માંડવીઓ પર પધારવા માટેનું માંને હાર્દિક આમંત્રણ આપ્યું હતું. એક પદયાત્રીએ જણાવ્યું હતું કે, 'યાત્રાધામ અંબાજીમાં માતાજીના મંદિરમાં પ્રવેશ કરતાની સાથે જ એક અલગ જ પ્રકારની શક્તિનો સંચાર થાય છે.'

યાત્રાધામ તરફ જતાં માગીમાં સર્વત્ર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં ભક્તોને ભોજન, નાસ્તો, ચા, સ્વચ્છ પીવાનું પાણી, આરોગ્ય સેવાઓથી માંડીને આરામ તથા મસાજ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. યાત્રાધામ અંબાજીમાં મહામેળાના છઠ્ઠા દિવસે ૮.૧૫ લાખ માઈ ભક્તો ઊમટ્યાં હતા. જ્યારે મેળાના કુલ છ દિવસ દરમિયાન ૩૬.૧૬ લાખ ભક્તોએ જગત જનની મા અંબાના ચરણોમાં શિશ ટેકવ્યું હતું.

### અમદાવાદમાં મોડીરાતથી એકધારો વરસાદ

# ધરોઈમાંથી પાણી છોડાતા એલર્ટ જાહેર,સાબરમતીમાં પૂરની સંભાવના

## હાલમાં વાસણા બેરેજના કુલ ૨૭ ગેટ ખોલવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને અમદાવાદમાં ભારે વરસાદ જોવા મળી રહ્યા છે. વરસાદના કારણે રાજયના જળાશયોમાં પાણીની આવક વધી છે, અને તેની સીધી અસર નદીઓના જળસ્તર પર જોવા મળી રહી છે. સાબરમતી નદીની ઉપરવાસમાં આવેલા ધરોઈ ડેમ અને સંત સરોવરમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે અમદાવાદના વાસણા બેરેજમાં પાણીની આવક વધી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વાસણા બેરેજના કુલ ૨૭ દરવાજા ખોલવામાં આવ્યા છે જેથી પાણીનો યોગ્ય રીતે નિકાલ થઈ શકે.

ધરોઈ ડેમ અને સંત સરોવર માંથી પાણી છોડવાના કારણે સાબરમતી નદીના જળસ્તરમાં વધારો થવાની સંભાવના છે. આજે સવારે ૬:૩૦ કલાકે ધરોઈ ડેમમાંથી ૯૪,૪૩૨ ક્યુસેક અને સંત સરોવર માંથી ૬૮,૫૮૫ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ પાણી વાસણા બેરેજ સુધી પહોંચતા ધરોઈ ડેમના પાણીને ૧૧ થી ૧૨ કલાક અને સંત સરોવરના પાણીને ૧ કલાક જેટલો સમય લાગી શકે છે.

હાલમાં વાસણા બેરેજમાંથી ૩૨,૪૧૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પાણીની વધતી આવકને ધ્યાનમાં રાખીને, અમદાવાદ, ખેડા અને આણંદ જિલ્લાના સાબરમતી નદી કિનારાના ગામોને ખાસ સાવધ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. સ્થાનિક તંત્રએ નદી કિનારે રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા માટે પણ જાણ કરી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને અન્ય સંબંધિત સરકારી વિભાગો પણ આ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તમામ જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે. નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ નદી કિનારે જવાનું ટાળે અને તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે. વરસાદી મોસમમાં સલામતીનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે.

### માની આબરું લૂંટવાનો પ્રયાસ

# સાવકા દીકરાએ ઘરમાં મોકો જોઈને એકલી માતાને પકડી લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

પૂર્વના રાપર તાલુકાના એક ગામમાં રહેતી ૩૫ વર્ષીય પરિણીતા સાથે પોતાના પતિના આગલા ઘરના અંદાજિત ૨૫ થી ૩૦ વર્ષીય ઉંમર ધરાવનારા સાવકા પુત્ર દ્વારા ગત ૩ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ રાત્રિના ૧૧:૦૦ વાગ્યા આસપાસ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હોવાનું સામે આવ્યું છે. ત્યારે સમગ્ર મામલે પરિણીતા દ્વારા રાધનપુર પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ ની કલમ ૬૪(૧) મુજબ ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ગુનો નોંધાવવામાં આવતા પોલીસ દ્વારા તપાસ કચ્છ પૂર્વના ગાગોદર પોલીસ સ્ટેશનને ટ્રાન્સફર કરવામાં આવી છે. ત્યારે સમગ્ર મામલાની તપાસ ગાગોદર પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

પોલીસને આપેલી ફરિયાદમાં પરિણીતાએ જણાવ્યું કે, ૨૦ વર્ષ પૂર્વે તેણે પહેલા લગ્ન કર્યા હતા જેમાંથી એક દીકરી હતી. પતિ સાથે મનમેળ ન થતાં છૂટાછેડા લીધા, દીકરી તેના પિતા સાથે રહી. ત્યારબાદ તેણે બીજા લગ્ન કર્યા જેમાં ૧૪ વર્ષનો દીકરો અને ૧૩ વર્ષની દીકરી છે. તે કચ્છ પૂર્વના રાપર તાલુકાના ગામમાં રહે છે. પતિ તેની પ્રથમ પત્ની સાથે ખેતરમાં રહે છે.

૩ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ રાત્રે પરિણીતા અને તેના બંને સંતાનો સુતા હતા. તે સમયે પતિની બીજી પત્નીનો દીકરો ઘરે આવ્યો. જમવાનું માંગતા તેને મેં જમવાનું આપ્યું. ત્યારબાદ અહીં જ સુઈ જવાનું કહેતા હું તેના માટે પથારી કરવા માટે બીજી રૂમમાં ગઈ. તે સમયે સાવકા પુત્રો પાછળથી મને પકડીને બળજબરી કરવા લાગ્યો હતો. પરંતુ મેં આનાકાની કરતા તે માન્યો ન હતો. તેમજ હું રાડા રાડ કરવા લાગતા મારા બંને બાળકો જાગી ગયા હતા પરંતુ તે નાના હોવાના કારણે ડરી ગયા હતા. તેમજ અમારી આજુબાજુ કોઈ ઘર આવેલ ન હોવાના કારણે કોઈએ મદદ પણ કરી ન હતી. દરમિયાન હું ડરી જતા બીજા દિવસે ૪ સપ્ટેમ્બરના રોજ મારા બાળકો સાથે હું પિયરમાં આવી હતી. તેમજ બનાવ સંદર્ભે મેં મારા પરિવારજનોને વાતચીત કરતા મને રાધનપુર રેફરલ હોસ્પિટલમાં સહાયતા કેન્દ્ર ખાતે લઈ જવામાં આવી હતી.

# અમરેલી: કેળા પકવતા ખેડૂતો રાતા પાણીએ રડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી,

"ખેડૂતોની આવક બમણી કરીશું" - આ સરકારી દાવાઓ વચ્ચે અમરેલી જિલ્લાના કેળા ઉત્પાદક ખેડૂતો હાલ રાતા પાણીએ રડી રહ્યા છે. એક તરફ કેળાના પાક પાછળ પ્રતિ વીઘા રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૬૦,૦૦૦ જેટલો ખર્ચ થાય છે, તો બીજી તરફ મહેનતના ફળ રૂપે તેમને ફક્ત રૂ. ૧ પ્રતિ કિલોગ્રામનો ભાવ મળી રહ્યો છે. આ ભયંકર વિસંગતતાને કારણે ખેડૂતો આર્થિક સંકટમાં ફસાયા છે.

અમરેલીના સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામમાં આશરે ૧૫૦ થી ૨૦૦ વીઘા જમીનમાં કેળાની ખેતી થાય છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, કેળાના એક રોપાનો ભાવ રૂ. ૧૭ જેટલો છે. આ ઉપરાંત મોંઘા ખાતર, દવાઓ અને મજૂરીનો ખર્ચ પણ ઘણો વધારે છે. આટલી મહેનત અને મોટા ખર્ચ પછી પણ જ્યારે પાક તૈયાર થાય છે, ત્યારે તેમને પોષણક્ષમ ભાવ મળતા નથી.

છ થી સાત મહિનાની અથાક મહેનત પછી પણ પાક બગડી જવાની બીકે ખેડૂતોને પોતાના કેળા ફક્ત રૂ. ૧ પ્રતિ કિલોના ભાવે વેચવા મજબૂર થવું પડ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે જે કેળા ખેડૂત પાસેથી એક રૂપિયે ખરીદાય છે, તે જ કેળા બજારમાં રૂ. ૫૦ થી રૂ. ૬૦ પ્રતિ ડઝનના ભાવે વેચાય છે. ખેડૂતો અને વેચાણકર્તા વચ્ચેનો આ ભાવ તફાવત ૫૦ ગણો વધી જાય છે, જેમાં પરસેવો પાડનાર ખેડૂતને કંઈ મળતું નથી, જ્યારે કમિશન એજન્ટો બેઠા બેઠા મોટી કમાણી કરે છે. ખેડૂત શૈલેષભાઈ શેલડીયા, નૈમિષ ઠાકર, અને ભાવેશ ચંદગઢીયા જેવા ખેડૂતોએ સરકાર સામે રોષ વ્યક્ત કર્યો છે, અને માંગ કરી છે કે આ પરિસ્થિતિ પર ધ્યાન આપવામાં આવે અને કમિશન એજન્ટો સામે કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી અન્નદાતાઓને બચાવી શકાય. ખેડૂતોએ જણાવ્યું કે સરકારનો આવક બમણી કરવાનો દાવો સાવ ખોટો સાબિત થયો છે, કારણ કે આજે તેમને સિંગલ આવક પણ મળતી નથી. આશા છે કે સરકાર આગામી દિવસોમાં આ બાબતે યોગ્ય પગલાં ભરી ખેડૂતોને ન્યાય આપશે.

# અમદાવાદમાં ભારે વરસાદના કારણે વિવિધ વિસ્તારોમાં ૪ મકાનો ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ છે, ત્યારે અમદાવાદમાં બે દિવસથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી-પાણીના દ્રશ્યો સામે આવ્યા છે. તેવામાં અમદાવાદમાં ભારે વરસાદના કારણે દરિયાપુર, બહેરામપુરા, શાહપુરા સહિતના વિસ્તારોમાં ૪ મકાનો ધરાશાયી થયા હોવાની ઘટના સામે આવી છે. ઘટનામાં ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદમાં ભારે વરસાદી માહોલ છે, ત્યારે આજે (૭ સપ્ટેમ્બર) દરિયાપુર વિસ્તારમાં અલી કુંભારના ડેલામાં મકાન ધરાશાયી થયું હતું. જેમાં ૩ મકાનો ઉપર દીવાલ પડતાં ૫ લોકો દટાયા હોવાનું સામે આવ્યું હતું. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. દુર્ઘટનામાં દટાયેલા લોકોનું રેસ્ક્યુ કરીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

બીજી તરફ, શહેરના અન્ય વિસ્તારોમાં પણ મકાન ધરાશાયી થયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં માંડવીની પોળ, બહેરામપુરામાં ગૌતમ નગર ચાર રસ્તા પાસે અને શાહપુરમાં પણ મકાન ધરાશાયી થયું હતું.

# સાબરમતી નદીનું રૌદ્ર સ્વરૂપ, સુભાષ બ્રિજ ખાતે જળસ્તર ડેન્જર લેવલની નજીક

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

ધરોઈ ડેમમાંથી સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે, ત્યારે અમદાવાદના સુભાષ બ્રિજ પાસેનો રિવરફ્રન્ટ વોક વે ડૂબ્યો છે. જે જોવા માટે સુભાષબ્રિજ પર મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા છે. રિવરફ્રન્ટ પર લોકોને અવર જવર પર રોક લગાવાઈ છે. રિવરફ્રન્ટ વોક વે પર પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. પોલીસ દ્વારા લોકોને સાવચેત રહેવા સતત એનાઉન્સ કરવામાં આવી રહ્યું છે. ડીસીપી કક્ષાના અધિકારીઓ પણ સુભાષબ્રિજ પહોચ્યા હતા. કોઈને પાણી નજીક ન જવા અને સેલ્ફી નહીં લેવાની સૂચના અપાઈ છે. ભારે વરસાદ અને પાણીના પ્રવાહને લઈને લોકોએ રિવરફ્રન્ટ પર ઊભું નહીં રહેવા સૂચના અપાઈ છે.

બીજી બાજુ, ખેડા સાબરમતી નદીમાં પાણીની ભરપૂર આવક થઇ છે. ઉપવાસમાંથી એક લાખ કયુસેકથી વધુ પાણી છોડવામાં આવ્યું છે. પથાપુર, કલોલી, રસિકપુરા,ધરોડા, પાલ્લા, અસમાલી સહિતના ગામડાઓ અસર કરી શકે છે. ઉપરવાસમાંથી છોડાયેલું પાણીએ લોકોની મુશ્કેલી વધારી દીધી છે.

ખેડા તાલુકાના નીચાણવાળા ગામડાઓ પાણીથી પ્રભાવિત થઇ ગયા છે. વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે ગઈકાલે મોડી રાતથી લોકોને સલામત સ્થળે ખસેડી રહ્યું છે. ૨૨ જેટલી બસો મૂકી વહીવટી તંત્રની સાથે સાથે સ્થાનિક ધારાસભ્ય પણ લોકોના સ્થળાંતરમાં જોડાયા હતા. સાબરમતી નદીએ રોદ્ર સ્વરૂપ કર્યું ધારણ. સુભાષ બ્રિજ ખાતે જળસ્તર ડેન્જર લેવલની નજીક પહોંચ્યું છે. ખેડા તાલુકાના નીચાણવાળા ગામડાઓ પાણીથી પ્રભાવિત થયા છે.

# બે માસૂમ બાળકોના પાણીના ટાંકામાં ડૂબી જવાથી કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

કચ્છ જિલ્લાના અંજારમાં એક અત્યંત કરુણ ઘટનામાં બે માસૂમ સગા ભાઈઓનું પાણીના ખુલ્લા ટાંકામાં ડૂબી જવાથી મોત થયું છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોક અને અરેરાટી ફેલાવી દીધી છે. આ દુર્ઘટના અંજારની કર્મચારી કોલોનીમાં બની હતી. મળતી માહિતી અનુસાર, મૂળ બિહારના શ્રમિક બિટ્ટુ તિવારીના ૯ વર્ષના પુત્ર અંકુશ અને ૭ વર્ષના પુત્ર અભિનંદન ઘરની નજીક રમી રહ્યા હતા. રમતા-રમતા તેઓ એક નવા બની રહેલા મકાનની બાજુમાં આવેલા ખુલ્લા પાણીના ટાંકા પાસે પહોંચી ગયા અને અકસ્માતે તેમાં પડી ગયા. બાળકો લાંબા સમય સુધી ન દેખાતા પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. ભયભીત થયેલા પરિવારજનોએ આ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરી. અંજાર પોલીસ સ્ટેશનના પીઆઈ એ.આર. ગોહિલ અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આ દરમિયાન બંને બાળકોના મૃતદેહ પાણીના ટાંકામાંથી મળી આવ્યા હતા. બાળકોને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાંના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાએ પરિવાર પર આભ તૂટી પડ્યો છે. આસપાસના લોકોમાં પણ ભારે શોકની લાગણી છવાઈ ગઈ છે અને આ ઘટનાથી બધા સ્તબ્ધ થઈ ગયા છે. આ કરુણ ઘટનાથી ખુલ્લા પાણીના ટાંકા અને ખાડાઓથી બાળકોની સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

### કપરાડામાં સૌથી વધુ ૧૦ ઈંચ

# ગુજરાતના ૧૩૯ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો

## પોશીના, ધરમપુરમાં ૬-૬ ઈંચ , રાધનપુર, ઉમરગામ, ભચાઉ, લાખણી, તલોદ, પાલનપુરમાં ૪-૪ ઈંચથી વધુ વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક મેઘ મહેર થઈ છે.

રાજ્યના ૧૩૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં કપરાડા તાલુકામાં ૧૦ ઈંચ, પોશીના,ધરમપુર તાલુકામાં ૬-૬ ઈંચ , રાધનપુર, ઉમરગામ, ભચાઉ, લાખણી, તલોદ અને પાલનપુર તાલુકામાં ૪-૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો અનુસાર આજે તા. ૭ મી સપ્ટેમ્બરના રોજ સવારે છ કલાકે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન સાણંદ, કડી, બોટાદ, સંતરામપુર, સતલાસણા, દાંતા, પડધરી, વાવ, ધાનેરા, પાટણ, પારડી, ભિલોડા, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ઉમરપાડા અને મોડાસા મળી કુલ ૧૫ તાલુકાઓમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોધાયો છે. આ ઉપરાંત મહેસાણા, ટંકારા, બાયડ સિદ્ધપુર, રાપર, જામકંડોરણા,ધાનપુર ખેરગામ, ઈડર, વાપી, સાગબારા, ઝાલોદ, ખેરાલુ, વિસનગર, બાલાસિનોર, તિલકવાડા, માળીયા, દસક્રોઈ, હાલોલ, ઝાંબુધોડા, દસાડા, સંખેડા, દાહોદ, વિરમગામ, ધોરાજી, જોડીયા, જોટાણા, વલસાડ, કડાણા, હળવદ, સૂઈગામ, ઉંઝા, રાજકોટ, થરાદ, બોડેલી, ધ્રોલ અને વડનગર મળી કુલ ૩૮ તાલુકાઓમાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે રાજ્યના અન્ય ૭૫ તાલુકાઓમાં એક થી અડધો ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચાલુ મોસમનો સરેરાશ વરસાદ ૧૦૨.૮૯ ટકા જેટલો નોધાયો છે.

જેમાં ઉત્તર ગુજરાત રિજીયનમાં ૧૦૬.૫૦ ટકા, પૂર્વ મધ્ય ગુજરાત રીજીયનમાં ૧૦૭.૩૪ ટકા, સૌરાષ્ટ્ર રીજીયનમાં ૯૧.૨૯ ટકા અને દક્ષિણ રીજીયનમાં ૧૦૭.૯૯ ટકા જેટલો વરસાદ નોધાયો છે.

### અમદાવાદમાં હજુ બે દિવસ સૌથી ભારે

# ૪ જિલ્લામાં અપાયું રેડ એલર્ટ, મેઘરાજા બોલાવશે ધબધબાટી

## બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

રાજયમાં ફરી એકવાર મેઘરાજા મહેર કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતના અનેક વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો છે, અને હવામાન વિભાગે આગામી દિવસો માટે પણ ભારે વરસાદની આગાહી કરી છે. અમદાવાદ સહિત રાજયના મોટાભાગના વિસ્તારોમાં હજુ આગામી બે દિવસ ભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે આજે ગુજરાતમાં મેઘરાજા બઘડાટી બોલાવશે તેવી આગાહી સાથે ૪ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત, અન્ય ઘણા જિલ્લાઓમાં પણ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા હોવાથી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આ જિલ્લાના રહેવાસીઓને સાવચેત રહેવા અને જરૂરી સાવચેતીનાં પગલાં ભરવા માટે જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, પાટણ, ગાંધીનગર અને મહીસાગર જિલ્લામાં પણ ભારે વરસાદની સંભાવના હોવાથી ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદમાં પણ આગામી બે દિવસ સુધી સારો વરસાદ થવાની શક્યતા છે.

વરસાદની આ સિઝનમાં ખેડૂતો અને સામાન્ય જનતા માટે આ સારા સમાચાર છે, પરંતુ ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે, જેથી લોકોને મુસાફરી કરતી વખતે અને બહાર નીકળતી વખતે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે.

### બદલાવા જઈ રહ્યાં છે ગાંધીનગરના ગ્રહો!

# મંત્રીમંડળમાં ફેરબદલમાં નવી ચર્ચા વહેતી થઈ રહી છે

## આવતીકાલથી મળી રહેલા ૩ દિવસીય ગુજરાત વિધાનસભાના સત્ર બાદ સરકારમાં મોટી ઉથલપાથલ થાય તેવા એંધાણ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

હાલ ગાંધીનગરમાં એક જ ચર્ચા થઈ રહી છે કે, મંત્રીમંડળ બદલાશે કે નહિ. આ એક ચર્ચાને કારણે કેટલાક મંત્રીઓમાં રીતસરનો ફફડાટ ફેલાયો છે. આજથી શરૂ થઈ રહેલા શ્રાદ્ધ પક્ષમાં તો કોઈ નિર્ણય નહિ આવે, પરંતુ તેના બાદ ગુજરાત સરકારનું આખેઆખું મંત્રીમંડળ બદલાઈ જશે, તો કેટલાક કપાશે અને કેટલાક રહી જશે તેવી ચર્ચાઓ જ ચારેકોર થઈ રહી છે.

આવામાં એક નવી અફવાએ સ્થાન જમાવ્યું છે. આવતીકાલથી મળી રહેલા ૩ દિવસીય ગુજરાત વિધાનસભાના સત્ર બાદ સરકારમાં મોટી ઉથલપાથલ થાય તેવા એંધાણ છે. સાથે એ પણ કાનાફૂસી થઈ રહી છે કે, બે-ચાર નહિ, પરંતું એક ડઝનથી વધુ મંત્રીઓને ઘરભેગા કરવામાં આવી શકે છે. તો સરકારના માનીતા બે-ચાર મંત્રીઓ જ રહેશે. આ સાથે જ નવા ચહેરાઓને સ્થાન અપાય તેવી શક્યતાઓ વધી છે.

ગુજરાત વિધાનસભાના આવતીકાલથી મળી રહેલા ૩ દિવસીય ચોમાસું સત્ર બાદ સરકારમાં મોટી ઉથલપાથલની શક્યતા છે. ગ્રહણ બાદ અનેક મોટા ચહેરાઓની કારકિર્દીમાં ફેરફાર થઇ શકે છે. ભુપેન્દ્ર પટેલની સરકાર બન્યા બાદ છેલ્લાં ત્રણેક વર્ષથી મંત્રીમંડળ યથાવત્ત છે. તેમાં કોઇ પ્રકારનું પરિવર્તન આવ્યું નથી. ત્યારે આ કારણે ભાજપ નવાજૂની કરે તો નવાઈ નહિ. તેમા પણ દિલ્હી હાઈકમાન્ડ તરફથી જેમ સંકેતો મળી રહ્યા છે, તે પણ મંત્રીમંડળના ફેરબદલ પર મોટા ઈશારા કરી રહ્યા છે. હંમેશા ચૂંટણીના મોડમાં જ રહેતા ભાજપે ૨૦૨૭ ની ચૂંટણીની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દીધી છે. જેથી ભાજપે અત્યારથી જ જાતિના તાણાવાણા અને નેતાઓનો દબદબો જોતા અનેક નવામંત્રીઓને સ્થાન આપવા માટેની તૈયારી કરી લીધી હતી. જેના પગલે હાઈકમાન્ડે પણ હવે મંત્રીમંડળના વિસ્તરણની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

હાલ સૌથી મોટો ઝટકો લાગે તેવી વાત એ છે કે, હાલના મંત્રીમંડળમાંથી એક ડઝન જેટલા મંત્રીઓને પડતા મુકાઇ શકે છે. જેમાં કેબિનેટ કક્ષાના ચારથી પાંચ અને રાજયકક્ષાના પાંચથી છ મંત્રીઓનો સમાવેશ થાય છે. હાલના મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિતના મંત્રીઓની કુલ સંખ્યા ૧૭ છે. નિયમ મુજબ કુલ ૨૬ મંત્રીઓને સ્થાન આપી શકાય તેમ છે.

જે મંત્રીઓના પત્તા કપાવાની ચર્ચા છે, તેમાં બચુ ખાબડ ટોપ પર છે. કારણ કે, બંને દીકરાઓના મનરેગા કૌભાંડને કારણે સરકારની છબી ખરડાઈ છે. આ કારણે તેમને પહેલાથી જ સરકારી કાર્યક્રમો અને કેબિનિટ બેઠકો તથા હવે વિધાનસભાના સત્રમાંથી પણ દૂર કરવામાં આવી રહ્યા છે.

ત્યારે બચુ ખાબડનું નામ અગ્રેસર છે. આ ઉપરાંત કેટલાક મંત્રીઓ સરકારની કામગીરી પર ખરા ન ઉતર્યા તેમને પણ ઘરભેગા કરવામાં આવી શકે છે.

ગુજરાત સરકારમાં ધરખમ ફેરફાર થશે. નવા મંત્રી મંડળમાં પસંદગી માટે તમામ પાસા જોવાશે. ચોમાસું સત્ર પછી કેબિનેટમાંથી ડઝનેક મંત્રીઓના સ્થાને નવા પીઢ ચહેરાઓને તક મળવાની સંભાવના છે.

હવે મોટી ચર્ચા એ પણ છે કે, નવા કયા ચહેરાઓને મંત્રીમંડળમાં સમાવેશ કરી શકાય છે, તો આવામાં ભાજપમાં લાંબી લાઈન લાગેલી છે. યુવા ચહેરાને તક મળી શકે છે. તેમજ સારી ઈમેજ ધરાવતા અને લોકસંપર્કમાં માહેર ધારાસભ્યોને તક મળી શકે છે. સાથે જ કોરી ઈમેજ ધરાવતા નેતાઓને પણ મંત્રીપદ મળી શકે છે. જે નામ હાલ ચર્ચાઈ રહ્યા છે, તેમાં જયેશ રાદડિયા, હાર્દિક પટેલ, હીરા સોલંકી, મહેશ કસવાલા, કૌશિક વેકરિયા, સંદીપ દેસાઇ, સંગીતા પાટીલ, અર્જુન મોઢવાડિયા છે.